## GCERT – ગાંધીનગર પ્રેરિત

### જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – જૂનાગઢ

### આયોજિત

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ અંતર્ગત

## એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલ ૨૦૨૩-૨૪

### 6 થી 8 નવેમ્બર ૨૦૨૩

# શિક્ષકોના નવતર પ્રયોગોનો સંપુટ







ડો. એમ.વાય.વ્યાસ
ડી.આઈ.સી.
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

હિરેન ભટ્ટ
પ્રાચાર્ય
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
જૂનાગઢ

# તાલુકાવાર રજૂ થયેલ ઇનોવેશન

| | |
|---|---|
| જૂનાગઢ શહેર – 5<br>પ્રાથમિક – 3<br>માધ્યમિક – 1<br>ઉચ્ચ. માધ્યમિક - 1 | જૂનાગઢ ગ્રામ્ય - 5<br>પ્રાથમિક –3<br>માધ્યમિક – 1<br>ઉચ્ચ. માધ્યમિક - 1 |
| વંથલી – 3<br>પ્રાથમિક – 3 | માણાવદર - 2<br>પ્રાથમિક – 2 |
| ભેસાણ – 4<br>પ્રાથમિક – 3<br>માધ્યમિક – 1 | માંગરોળ - 4<br>પ્રાથમિક – 3<br>માધ્યમિક – 1 |
| મેંદરડા - 3<br>પ્રાથમિક – 3 | વિસાવદર - 2<br>પ્રાથમિક – 2 |
| કેશોદ - 4<br>પ્રાથમિક – 3<br>માધ્યમિક – 1 | માળિયા - 5<br>પ્રાથમિક – 3<br>માધ્યમિક – 1<br>ઉચ્ચ. માધ્યમિક - 1 |

# પ્રસ્તાવના...



ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે શિક્ષકો દ્વારા કરવામાં આવેલ ઇનોવેશન કૃતિઓને પ્રોત્સાહન આપવાનું કાર્ય જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર દ્વારા થઈ રહ્યું છે. જી.સી.ઇ.આર.ટી. દ્વારા સમગ્ર ગુજરાતમાં ડાયેટના માધ્યમથી આવા શિક્ષકોને શોધી તેઓને પોતાના ઇનોવેશન રજૂ કરવાની તક આપવાનું પ્રસંશનીય કામ થઇ રહ્યું છે. જૂનાગઢ જિલ્લાના આવા શિક્ષકોના ઇનોવેશનને રજૂ કરવા માટે ૨૦૨૩-૨૪માં **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ અંતર્ગત** ઇનોવેશન ફેસ્ટિવલનું આયોજન થઇ રહ્યું છે.

જિલ્લા કક્ષાના વર્ષ ૨૦૨૩-૨૪ ના આ એજ્યુકેશનલ ઇનોવેશન ફેસ્ટીવલમાં જૂનાગઢ જિલ્લાના કુલ ૩૭ ઈનોવેશન જેમાં પ્રાથમિક શાળાના ૨૮ અને માધ્યમિક/ઉ.મા. શાળાના ૯ ઇનોવેટીવ શિક્ષકો પોતાના ઇનોવેશન પ્રસ્તુત કરશે. આ મોડ્યુલમાં આ તમામ ઇનોવેટીવ શિક્ષકોના નવાચારની બાબતો રજૂ કરવામાં આવી છે. આ મોડ્યુલ થકી વાચકોને શિક્ષણમાં નાવિન્યપૂર્ણ બાબતોની જાણકારી મળી રહેશે તથા શિક્ષકોને તેમના કાર્યક્ષેત્રમાં આવતા અવરોધક પરિબળો દૂર કરવામાં મદદરુપ થશે તેવી ચોક્કસ આશા સાથે આ પુસ્તક આપની સામે રજૂ કરતા અમો આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. તમારા મૂલ્યવાન સૂચનો જે તે નવાચાર કરનાર શિક્ષકશ્રીને આપી શકો તે માટે તેમની સંપૂર્ણ વિગતો પણ આપવામાં આવેલ છે. તેમજ રચનાત્મક બાબતોને અમે સહર્ષ આવકારીએ છીએ.

જૂનાગઢ જિલ્લામાં ઇનોવેશનની કામગીરી ડૉ. મીરાબેન વ્યાસ, લેકચરર – ડી.આઈ.સી. ડાયેટ, જૂનાગઢ સંભાળી રહ્યા છે. તેઓએ ઇનોવેશન કરનાર શિક્ષકોને ફિલ્ડમાંથી શોધી પ્રેરણા અને પ્રોત્સાહન આપેલ છે. આ સમગ્ર કાર્યમાં તેમનો સિંહફાળો છે તેથી તેમને ધન્યવાદ આપુ છું. રાજ્યકક્ષાએથી ઇનોવેશન ક્ષેત્રે ઉત્કૃષ્ઠ કામગીરી કરેલ છે તેવા જૂનાગઢના કે. આર. પી. શ્રી કૃણાલકુમાર જે. મારવણિયા પણ સક્રિય રહી ખૂબ જ સુંદર કામગીરી સંભાળી રહ્યા છે તે બન્નેને ધન્યવાદ આપુ છું.

( હિરેન. ભટ્ટ )
પ્રાચાર્ય
ડાયેટ જૂનાગઢ

| જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન - જૂનાગઢ | | | | | |
|---|---|---|---|---|---|
| **Innovation Festival – 2023 - 24** | | | | | |
| ક્રમ | ઈનોવેટરનું નામ | ઈનોવેશન | શાળાનું નામ | તાલુકો | વિભાગ |
| ૧ | જોરા વિજયકુમાર કે. | ચિત્ર પ્રદર્શન | નાકરા પ્રાથમિક શાળા | માણાવદર | પ્રાથમિક |
| ૨ | પુજાબેન એન. બાબરીયા | NMMS લક્ષ્યાંક | નાકરા પ્રાથમિક શાળા | માણાવદર | પ્રાથમિક |
| ૩ | મારવણિયા કૃણાલકુમાર જે. | NMMS ચક્રવ્યૂહ | શાપુર પે સેન્ટર શાળા | વંથલી | પ્રાથમિક |
| ૪ | જેઠવા પ્રતાપસિંહ આર. | શાળાના શિલ્પી ( લોક સહયોગ દ્વારા શાળા વિકાસ ) | C.R.C., મહોબતપુર | વંથલી | પ્રાથમિક |
| ૫ | ધર્મિષ્ઠાબેન એચ. ચાવડા | TEACHING SECOND LANGUAGE WITH FUN | બંટીયા પે સેન્ટર શાળા | વંથલી | પ્રાથમિક |
| ૬ | મયુરીબા આર. દયાતર | ધોરણ ૬,૭, ૮ સામાજીક વિજ્ઞાનના ટિપ્પણ | રતાંગ પ્રાથમિક શાળા | વિસાવદર | પ્રાથમિક |
| ૭ | ભાવનાબેન એમ. રાઠોડ | Reuse Of Plastic Bottles And Plastic Waste | શ્રી હનુમાનપરા પ્રાથમિક શાળા, વિસાવદર | વિસાવદર | પ્રાથમિક |
| ૮ | ડૉ. કિશોર વી. શેલડીયા & જયશ્રીબેન એન. વોરા | ધોરણ 6 થી 8 માં પીઅર ટ્યુટરીંગ દ્વારા પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન | શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જીન પ્લોટ પે સેન્ટર શાળા | ભેંસાણ | પ્રાથમિક |
| ૯ | નિતેશભાઈ જે. માથુકિયા | રમતા રમતા ગણિત શીખીએ | ખંભાળીયા પ્રાથમિક શાળા | ભેંસાણ | પ્રાથમિક |
| ૧૦ | સોનલબેન બી. પોંક્યા | ભાષામાં સ્વયં પ્રશ્નનિર્માણ દ્વારા અર્થગ્રહણ | ખંભાળીયા પ્રાથમિક શાળા | ભેંસાણ | પ્રાથમિક |
| ૧૧ | વૈષ્ણવ મીરાબેન એસ. | BASIC MATHAMATICS CONCEPT CLEARANCE | ચણાકા માધ્યમિક શાળા | ભેંસાણ | માધ્યમિક |
| ૧૨ | કિરણબેન એન. બોઘરા | શાળા બાદના સમયનો સદઉપયોગ કરી વિદ્યાર્થીઓની સામાજિક, સર્જનાત્મક શક્તિનો વિકાસ | કન્યા શાળા નં ૪ | જૂનાગઢ શહેર | પ્રાથમિક |
| ૧૩ | અમિતાબેન કે. સવાણી | રમતા રમતા ગણિત શીખીએ | B.R.P.(નિપુણ), BRC ભવન, જૂનાગઢ શહેર | જૂનાગઢ શહેર | પ્રાથમિક |
| ૧૪ | નિરવભાઈ વી. હિરપરા | સામાજિક વિજ્ઞાન સમજવું સરળ બન્યું | ભવનાથ પ્રાથમિક શાળા | જૂનાગઢ શહેર | પ્રાથમિક |
| ૧૫ | ડો. ખુશ્બુબેન ગરાળા | સમાજશાસ્ત્ર વર્ગખંડ અને ઓનલાઈન ક્વીઝ | ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કૂલ જૂનાગઢ | જૂનાગઢ શહેર | ઉ.મા. |
| ૧૬ | ડો. જીતુભાઈ ખુમાણ | સહઅભ્યાસિક પ્રવૃતિ દ્વારા શિક્ષણ અને વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ | ટી.એલ.વાળા કન્યા વિદ્યાલય | જૂનાગઢ શહેર | માધ્યમિક |
| ૧૭ | સંચાણિયા ઉષાબેન & વણપરિયા કિરણબેન | કલ્પનાની અદ્દભુત દુનિયા | વધાવી પ્રાથમિક શાળા | જૂનાગઢ ગ્રામ્ય | પ્રાથમિક |
| ૧૮ | કણસાગરા મનિષાબેન જી. | ઉચ્ચારણ દ્વારા અંગ્રેજી વાચનનું સરળીકરણ | જામકા પ્રાથમિક શાળા | જૂનાગઢ ગ્રામ્ય | પ્રાથમિક |

| ક્રમ | ઈનોવેટરનું નામ | ઈનોવેશન | શાળાનું નામ | તાલુકો | વિભાગ |
|---|---|---|---|---|---|
| ૧૯ | કાચા જિજ્ઞાબેન સી. | ઓરોગામી પ્રવૃતિ | બામણગામ પ્રાથમિક શાળા | જૂનાગઢ ગ્રામ્ય | પ્રાથમિક |
| ૨૦ | શાંખલા કલ્પેશભાઈ પી. | સહ-અભ્યાસિક સાહસિક પ્રવૃતિની અસરકારકતા | સરકારી ઉ.મા. શાળા-બંધાળા | જૂનાગઢ ગ્રામ્ય | ઉ.મા. |
| ૨૧ | પરી બળદેવપરી જે. | QUIZIZZ & QR થી બાળકોનું લાઈવ મૂલ્યાંકન | માધ્યમિક શાળા કાથરોટા | જૂનાગઢ ગ્રામ્ય | માધ્યમિક |
| ૨૨ | જલ્પાબેન એચ. કામદાર | ટીમ ટીચીંગ દ્વારા કઠિન અધ્યયન નિષ્પતિનું સરલીકરણ | નાગલપુર પ્રાથમિક શાળા | મેંદરડા | પ્રાથમિક |
| ૨૩ | વિલાસબેન જે. રાખોલિયા | સામાજિક વિજ્ઞાન શીખીએ રમતા રમતા | આંબલા પ્રાથમિક શાળા | મેંદરડા | પ્રાથમિક |
| ૨૪ | અમિતકુમાર કે. પીપલિયા | કમ્પ્યૂટર એઈડેડ ઈન્સ્ટ્રક્શન (CAI) કાર્યક્રમની રચના | આલીધ્રા પે સેન્ટર શાળા | મેંદરડા | પ્રાથમિક |
| ૨૫ | સુભાષભાઈ એમ. વાળા | હું તો શાળાએ જઈશ જ | વાસાવાડી પે સેન્ટર શાળા | કેશોદ | પ્રાથમિક |
| ૨૬ | અમિતભાઈ કે. સંઘાણી | Smart Worksheets | આચાર્ય, શેરગઢ સીમ શાળા | કેશોદ | પ્રાથમિક |
| ૨૭ | જલ્પેશભાઈ વી. ડોબરિયા | દેશી બીજબેંક બનાવીએ, ભાવી પેઢી બચાવીએ | શ્રી પીપળી પે સેન્ટર શાળા | કેશોદ | પ્રાથમિક |
| ૨૮ | અંજલીબેન એસ. મહેતા | Integration : Textbook with technology | સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ-કેશોદ | કેશોદ | માધ્યમિક |
| ૨૯ | રાઠોડ કિંજલબેન ડી. | પ્રવૃત્તિથી પ્રકરણ તરફની યાત્રા | જૂના ગળોદર પ્રાથમિક શાળા | માળીયા | પ્રાથમિક |
| ૩૦ | પરમાર પ્રદિપભાઈ એમ. | સ્માર્ટ સ્ટુડન્ટ ઓફ ધ સ્કૂલ | ચુલડી પ્રાથમિક શાળા | માળીયા | પ્રાથમિક |
| ૩૧ | ખિમાણી કૌશલભાઈ એચ. | બોલતી દિવાલ | લાછડી પ્રાથમિક શાળા | માળીયા | પ્રાથમિક |
| ૩૨ | મોણપરા જીજ્ઞાસાબેન એમ. | રમત અને પ્રવૃતિ દ્વારા શિક્ષણ | જવાહર હાઈસ્કૂલ ખોરાસા | માળીયા | માધ્યમિક |
| ૩૩ | ડૉ. પરેશભાઈ વી. ગોહેલ | સનાતન મૂલ્યો દ્વારા વિદ્યાર્થીઓમાં વર્તન પરિવર્તન | શ્રી વલ્લભાચાર્ય હાઈસ્કૂલ માતરવાણીયા | માળીયા | ઉ.મા. |
| ૩૪ | નાહિદખાન એન. લિગારી | Robotics & Coding Learning Lab ( AI awareness) | આચાર્ય, ચંદવાણા પે સેન્ટર શાળા | માંગરોળ | પ્રાથમિક |
| ૩૫ | હિતેશભાઈ એમ. પાણખાણિયા | વાચન, લેખન અને ગણન પ્રોગ્રેસ ટ્રેકિંગ પ્રોજેક્ટ | આચાર્ય, રૂદલપુર પ્રાથમિક શાળા | માંગરોળ | પ્રાથમિક |
| ૩૬ | પરમાર વિજયસિંહ ડી. | NFC ટેકનોલોજીનો શિક્ષણમાં ઉપયોગ | ભરખા સીમ શાળા | માંગરોળ | પ્રાથમિક |
| ૩૭ | રિઝવાન વાય. કોતલ | સ્વરચિત ઘાસ કટિંગ મશીન | MMEW માધ્યમિક શાળા-માંગરોળ | માંગરોળ | માધ્યમિક |

❖ ઈનોવેટરનું નામ : જોરા વિજયકુમાર કે.

❖ શાળાનું નામ : શ્રી નાકરા પ્રાથમિક શાળા

તાલુકો : માણાવદર, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 98254 12837




# ચિત્ર પ્રદર્શન

જૂનાગઢ જિલ્લાની માણાવદર તાલુકાની શ્રી નાકરા પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા વિજયભાઈ જોરા ધોરણ 6 થી 8 માં સામાજિક વિજ્ઞાનના શિક્ષક છે. તેઓ સામાજિક વિજ્ઞાનની પ્રવૃત્તિઓ ખૂબ સારી રીતે કરે છે. તેમજ તેઓ એક સારા ચિત્રકાર હોવાથી તેમને વિદ્યાર્થીઓ ચિત્રની પ્રવૃત્તિમાં આગળ વધે તે માટે વિદ્યાર્થીઓને ચિત્ર પ્રત્યે રસ, રૂચી વધે માટે તેમણે તાલુકાની પ્રાથમિક અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને માટે ચિત્ર પ્રદર્શન યોજવાનું નક્કી કર્યું અને માણાવદર તાલુકાની શાળાઓના આચાર્ય તથા શિક્ષકોના ગ્રુપમાં મીડિયા દ્વારા તેમણે ચિત્ર પ્રદર્શન યોજવા માટેની જાહેરાત કરી અને ધીમે ધીમે શાળાઓમાં ચિત્ર પ્રદર્શન શરૂ થયું .

તેઓએ અગાઉ પણ ઈનોવેશનમાં સામાજિક વિજ્ઞાન ધોરણ 6 થી 8 ના ફોલ્ડિંગ TLM, કોરોના મહામારીમાં online કામગીરી, અંકો દ્વારા ચિત્ર બનાવતા શીખવું, સામાજિક વિજ્ઞાન કલા સંકલિત શિક્ષણ વગેરે નવતર પ્રવૃતિઓ કરી જિલ્લા કક્ષાએ ઈનોવેશનમાં રજુ કરેલ હતી.

પ્રસ્તુત ઈનોવેશન દ્વારા બાળકોની સર્જનાત્મક શક્તિ વધે, બાળમેળાની પ્રવૃત્તિમાં બાળકો સારી રીતે પ્રવૃત્તિ કરી શકે તે હેતુથી આ ઈનોવેશનમાં 250 જેટલા ચિત્રોનું પ્રદર્શન યોજી શાળાના વિદ્યાર્થીઓમાં ચિત્ર પ્રત્યે રસ, રૂચી કેળવે અને ચિત્ર પ્રવૃત્તિમાં આગળ વધવા માટે આ ચિત્ર પ્રદર્શન માર્ગદર્શક બની શકે છે.

તેઓએ હાલ માણાવદર તાલુકાની પાંચ જેટલી શાળાઓમાં પ્રદર્શન યોજેલ છે અને અગાઉ માંગરોળ તાલુકાની શાળાઓમાં પણ ચિત્ર પ્રદર્શન યોજેલ હતું. શાળાઓ માંથી આચાર્ય, શિક્ષકોના સારા પ્રતિભાવો મળે છે, અને વિદ્યાર્થીઓને ખુબ જ મજા આવે છે સાથે ખુબ ઉપયોગી પણ થાય છે.










- ઈનોવેટરનું નામ : પુજાબેન એન. બાબરીયા
- શાળાનું નામ : નાકરા પ્રાથમિક શાળા

  તાલુકો : માણાવદર, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 7874667758


## NMMS લક્ષ્યાંક

જૂનાગઢ જિલ્લાની માણાવદર તાલુકાની નાકરા પ્રાથમિક શાળામાં પૂજાબેન બાબરીયા ધોરણ 6 થી 8માં ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષક તરીકે 2015થી ફરજ બજાવે છે. આટલા વર્ષનાં સમયગાળામાં તેમને જોવા મળ્યું કે શાળાની સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે **NMMS** અને PSEમાં વિદ્યાર્થીઓનું પ્રદર્શન ખાસ જોવા મળ્યું નથી. વિદ્યાર્થીઓમાં આવી પરીક્ષાઓ પ્રત્યે અરુચી જોવા મળી.

આ પરિસ્થિતિને નવો વળાંક મળી રહે તેવા પ્રયત્નો પૂજાબહેને સપ્ટેમ્બર-2022 થી શરૂ કર્યા. રિશેષના સમય દરમિયાન વિદ્યાર્થીઓને NMMSની તૈયારી કરાવવાનું શરૂ કર્યું. યાદ ન રહેતા અને અઘરા લાગતા મુદ્દાઓ માટે આકર્ષક મટીરીયલ તૈયાર કર્યું. આથી વિદ્યાર્થીઓનો રસ અઘરા મુદ્દાઓમાં પણ જળવાઈ રહ્યો. પરીક્ષામાં ઉપયોગી થઈ શકે તથા વિદ્યાર્થીઓ વારંવાર પુનરાવર્તન કરી શકે તે માટે બોલતી દિવાલમાં વિવિધ પ્રકારના ઉપયોગી સૂત્રોના તોરણો અને પોસ્ટર વર્ગખંડમાં લગાડ્યા, રચનાત્મક **TLM** બનાવ્યા તથા રમતો તૈયાર કરી. વિદ્યાર્થીઓની સર્જનાત્મકતાનાં વિકાસ સાથે એકાગ્રતા જળવાઈ રહે તે માટે સમૂહકાર્ય, સમૂહચર્ચાનું આયોજન કરવામાં આવ્યું. અઘરા લાગતા મુદ્દાઓનું નિરાકરણ કરવામાં આવ્યું. તથા વિદ્યાર્થીઓને શિક્ષક દ્વારા જાતે તૈયાર કરવામાં આવેલા MCQ, પ્રશ્નોત્તરી અને વિવિધ પ્રકારની ગણતરીઓનું પુનરાવર્તન કરાવવામાં આવ્યું.

શિક્ષકના પ્રસ્તુત ઈનોવેશનનું પરિણામ ખૂબ સારું જોવા મળ્યું. 2023 ની ફેબ્રુઆરી મહિનામાં લેવાયેલી NMMSની પરીક્ષામાં બધા જ વિદ્યાર્થીઓ પાસ થયા અને એક સાથે ત્રણ વિદ્યાર્થીઓએ મેરીટમાં પણ સ્થાન મેળવ્યું.









❖ ઈનોવેટરનું નામ : મારવણિયા કૃણાલકુમાર જયંતિલાલ

❖ શાળાનું નામ : શાપુર પે સેન્ટર

તાલુકો : વંથલી , જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9428440170

## NMMS ચક્રવ્યૂહ

જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાનાં શાપુર પે સેન્ટર શાળાના શિક્ષકશ્રી મારવણિયા કૃણાલકુમાર જયંતિલાલ વર્ષ 2010થી ગણિત - વિજ્ઞાન વિષય શિક્ષક તરીકે શાળામાં ભણાવે છે. ઘણીવાર બાળકોને ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી, G.K., તાર્કિક અભિયોગ્યતા વિષયમાં અઘરા લાગતાં મુદ્દાઓ માટે શોર્ટકટ અને સરળ રીતો આપે છે. તેઓ શિક્ષક તરીકે જોડાયા ત્યારથી જ ટેકનોલોજી દ્વારા શિક્ષણને સરળ અને અસરકારક બનાવવા પ્રયત્ન કરતા હતા.

શાળામાં, વર્ગખંડમાં અને શિક્ષણમાં નવીન પદ્ધતિઓ અને પ્રવીધિઓ સાથે ટેકનોલોજીનો ઉપયોગ કરી પોતે કરેલા નવતર પ્રયોગો 2017 થી દર વર્ષે ઈનોવેશન ફેસ્ટીવલમાં જિલ્લા અને રાજ્ય કક્ષા સુધી રજૂ કરેલ છે. વિદ્યાર્થીઓમાં શિક્ષણ પ્રત્યે રૂચી વધે અને નવીન ટેકનોલોજીથી પરિચિત થાય એ તેમનો સતત પ્રયાસ રહ્યો છે.


આ માટે જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષક તરીકે અને રાજ્યમાં ‘ **BEST CONTENT CREATOR** ‘ તરીકેના ખાસ એવોર્ડ તેમણે મેળવેલ છે. “ **TIMES OF INDIA** “ જેવા પ્રસિદ્ધ News Paper એ પણ તેમની શ્રેષ્ઠ કામગીરીની નોંધ લીધેલ છે. આ ઉપરાંત બાળકો ગણિત, વિજ્ઞાન અને તાર્કિક કસોટી અને અન્ય વિષયોમાં પારંગત થાય તેવા તેમના સતત પ્રયત્નો રહ્યાં છે.

પોતાના શૈક્ષણિક કાળમાં તેમને જોવા મળ્યું કે વિદ્યાર્થીઓ માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેવી કે **NMMS અને PSE**માં વિદ્યાર્થીઓ ઉચ્ચ મેરીટ સ્થાન પ્રાપ્ત કરી શકતા ન હતા તેથી અન્ય વિદ્યાર્થીઓમાં આવી પરીક્ષાઓ પ્રત્યે અરુચી જોવા મળતી.

આ ગંભીર પરિસ્થિતિને પહોંચી વળવા મારવણિયાસાહેબે ક્રમશ: ઘણા પ્રયત્નો શરૂ કર્યા. પ્રાર્થના, રિશેષ અને શાળા સમય સિવાયના સમયમાં વિદ્યાર્થીઓને **NMMS**ની તૈયારી કરાવવાનું શરૂ કર્યું. આ માટે સ્પેશ્યલ ક્લાસરૂમ ટીચિંગ દ્વારા તેમની શાળાના બાળકોને તૈયારી કરાવી. ગુજરાતના તમામ બાળકો આ લાભ લઈ શકે તે માટે NMMS પરીક્ષામાં તમામ વિષયોમાં આવતા તમામ મુદ્દાઓ માટે આકર્ષક મટીરીયલ તૈયાર કર્યું.

- જે માટે સુત્રાવલી, મોડેલ્સ, વિડીઓ, વિવિધ **Online Games** બનાવી. જેથી અઘરા મુદ્દાઓને સરળતાથી શીખી શકાય અને પુનરાવર્તન પણ કરી શકાય.
- વધુમાં આ વર્ષે ખાસ “ **NMMS ચક્રવ્યૂહ** “ નામની પુસ્તિકા પણ બનાવી. સૌ પ્રથમ વિષયવસ્તુને પ્રશ્નો સાથે જોડી આ પ્રશ્નાવલીની પુસ્તિકા બનાવી. જેમાં MAT અને SAT ના પરીક્ષાલક્ષી બધા મુદ્દાઓ આવરી લીધેલ છે. આ પુસ્તકમાં દરેક પ્રશ્નોના જવાબ માટે ઓપ્શન આપવામાં આવે છે. સાચા જવાબ પણ જણાવવામાં આવ્યા. આ પુસ્તિકા અને અન્ય મટીરીયલ્સ NMMS પરીક્ષામાં ઉપયોગી થઈ શકે તથા વિદ્યાર્થીઓ વારંવાર પુનરાવર્તન કરી શકે તેવી **Online અને Offline** વ્યવસ્થા કરી છે.





➢ જે સંપૂર્ણ મટીરીયલ્સ તેમના બ્લોગ “ **Education Lifetime** “ માં મૂકેલ છે. તેની લીંક સોશ્યલ મીડિયા દ્વારા share કરવામાં આવી છે. આ લીંક Open કરી બાળકો ઓનલાઈન પુસ્તિકા ડાઉનલોડ કરી શકે છે. જેમાં ગાણિતિક સિદ્ધાંત, વૈજ્ઞાનિક સિદ્ધાંત, સામાજિક બાબતો અને બૌદ્ધિક પ્રશ્નો તૈયાર કર્યા છે.

➢ આ ઉપરાંત બ્લોગ પર દરેક ટોપિક અંતર્ગત વિડીયો લીંક પણ મૂકી છે. જેને જોઈને પણ બાળકો જાતે અભ્યાસ કરી શકે. આ લીંકના દરેક QR કોડ પોતે બનાવેલ NMMS ચક્રવ્યૂહ પુસ્તિકામાં પણ દરેક મુદ્દા વાઈઝ મૂકેલ છે.

➢ આ ઉપરાંત બ્લોગ પર ગેમ્સ પણ મૂકી છે. જેને રમીને પણ બાળકો પોતાનું મૂલ્યાંકન કરી શકે.

➢ આ ઉપરાંત YouTube માં અમુક વિડીયો પણ બનાવ્યા છે.

શિક્ષકના પ્રસ્તુત નવતર પ્રયોગનું પરિણામ ખૂબ સારું જોવા મળ્યું. તેમની શાળામાં અને અન્ય શાળામાં દર વર્ષે NMMS પરીક્ષામાં ઉચ્ચ પરિણામમાં ઉત્તરોત્તર વધારો જોવા મળ્યો. છેલ્લા ત્રણ વર્ષમાં તેમની શાળામાંથી દર વર્ષે બધા જ વિદ્યાર્થીઓ પાસ થયા, 80 ટકાથી વધુ વિદ્યાર્થીઓ જિલ્લાના મેરીટમાં અને બે – ત્રણ વિદ્યાર્થીઓ રાજ્યના મેરીટમાં સ્થાન પામ્યાં અને શિષ્યવૃત્તિ મેળવતાં થયા. લેવાયેલી NMMSની પરીક્ષામાં બધા જ વિદ્યાર્થીઓ પાસ થયા અને એક સાથે ત્રણ વિદ્યાર્થીઓએ મેરીટમાં પણ સ્થાન મેળવ્યું.

તેમણે બનાવેલ તમામ મટીરીયલ્સનો રાજ્યમાં ઘણા બાળકો ભરપૂર ઉપયોગ કરે છે. અને તેમની બનાવેલ Online Digital રમતો દરેક પોતાના મોબાઈલ / ટેબલેટ / લેપટોપ / કોમ્યુટરમાં રમે છે. તેમણે બનાવેલ વિડીયો પણ YouTube ના માધ્યમથી દરેક બાળકો જૂએ છે અને તમામ વિષયો શીખે છે. તેમની બનાવેલ બૂકમાંથી પણ અન્ય શાળાના વિદ્યાર્થીઓ પ્રેક્ટીસ કરે છે.

**શૈક્ષણિક ઉપયોગ :**

➢ બાળકોને NMMS અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવામાં દરેક વિષયના ઘણા મુદ્દાઓની સંકલ્પના લાંબા સમય સુધી યાદ રહે તે માટે મટીરીયલ્સનો ઉપયોગ કરતા થયા.


➢ MAT અને SAT ના વિષય અને વિષયવસ્તુના મુદ્દાઓ રસપ્રદ બન્યા.

➢ બાળકોમાં જિજ્ઞાસાવૃતિ, સર્જનાત્મકતા, તર્કશક્તિ, નિર્ણય શક્તિ, ગાણિતિક કૌશલ્ય, અંદાજ વગેરે જેવાં અનેક ગુણોનો વિકાસ થયો.

➢ છેલ્લા ત્રણ વર્ષથી બાળકો રાજ્યના મેરીટમાં સ્થાન પ્રાપ્ત કરી શક્યા.

**Best Content Creator Award in Gujarat**















- **ઈનોવેટરનું નામ : જેઠવા પ્રતાપસિંહ આર.**
- **શાળાનું નામ : સી.આર.સી.કો.ઓ.મહોબતપુર**
  **તાલુકો : વંથલી જિલ્લો : જૂનાગઢ**
- **મોબાઈલ નંબર : 9099948990**

## “શાળાના શિલ્પી” ( લોક સહયોગ દ્વારા શાળા વિકાસ )

શાળા શિક્ષક અને શિક્ષણ એ વિદ્યાર્થીઓને સમાજમાં આગળ વધવા અને સમાજમાં માનવી તરીકે જીવતા શીખવે છે. આવા જ એક સી.આર.સી. પ્રતાપસિંહ આર જેઠવા, કે જે વંથલી તાલુકાના મહોબતપુર ક્લસ્ટરમાં સી.આર.સી તરીકે ફરજ બજાવે છે. જેઓ શાળા મુલાકાત દરમિયાન અવનવા પ્રયોગો શાળાના શિક્ષકોને સાથે રાખીને કરતા હોય છે તેમના જ એક પ્રયોગને અહીં જોઈએ.

તેઓને શાળા મુલાકાત દરમિયાન જાણવા મળેલ કે ગ્રામ્ય વિસ્તારમાં કારીગર વર્ગ જોવા મળે છે અને શાળામાં ઘણા એવા કાર્યો હોય છે, જે કાર્યો સમયસર ન થવાથી સરવાળે શિક્ષણ કાર્ય પર જ તેની અસર જોવા મળે છે, દા.ત. પંખો બળી જવો, વાયરીંગ બળી જવું, પાણીના નળ રીપેરીંગ, નવું જોડાણ, વીજળી જતી રહે વગેરે. આવા સમયે તાત્કાલિક કારીગરવર્ગ ન મળવાથી શિક્ષણકાર્ય ખોરવાઈ છે. બીજું કે શાળાની ભૌતિક સુવિધામાં વધારો કરવા માટે નાણાકીય સહાય સરકાર તરફથી મર્યાદિત હોય છે. આવી જરૂરિયાતોને સંતોષવા માટે કોઈપણ રીતે સ્થાનિક લોકોનો સહયોગ મેળવી શાળાની સુવિધાને કઈ રીતે વધારી શકાય ?

ઉપરોક્ત બાબત માટે શિક્ષકો, આચાર્યો દ્વારા ગામના સરપંચ, એસ.એમ.સી.ના સભ્યો, ગ્રામજનો, બાળકોના વાલીઓની મુલાકાત લઈ તેમને જરૂરી સમજ આપવામાં આવેલ અને શાળાની મદદ માટે હાકલ કરવામાં આવેલ. તેમને લોક સહયોગમાં શ્રમબળ કે આર્થિક સહાય આપેલ. તેઓનું જાહેર કાર્યક્રમોમાં પ્રમાણપત્ર આપી તેમનું સન્માન કરવામાં આવેલ. જેથી અન્ય વ્યક્તિઓ તેમાંથી પ્રેરણા મેળવે અને મદદરૂપ થનારને પ્રોત્સાહન મળે. આવી રીતે **લોક- સહયોગ**ના માધ્યમથી શાળાનો વિકાસ કરવાનો એક પ્રયત્ન કરવામાં આવેલ.



**વંથલીની સરકારી શાળાના છાત્રોને પાઠ્યપુસ્તકનાં પુંઠાનું વિતરણ કરાશે**

વંથલી : વંથલી પંથકનાં 20 સરકારી શાળામાં 2 હજાર બાળકોને સીઆરસી પ્રતાપસિંહ જેઠવાના પ્રયાસથી પ્લેઝર ડી.જી.સાઈન કિશોર પટેલ, પ્રકાશ પટેલ દ્વારા પાઠ્યપુસ્તકો માટે પુંઠા આપવામાં આવ્યા હતા. જે વિવિધ શાળાઓમાં નિશુલ્ક વિતરણ કરવામાં આવશે.








**5**




- ઈનોવેટરનું નામ : ચાવડા ધર્મિષ્ઠાબેન હમીરભાઈ
- શાળાનું નામ : શ્રી બંટીયા પે સે. શાળા
  તાલુકો : વંથલી જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9512777156


## TEACHING SECOND LANGUAGE WITH FUN

જૂનાગઢ જિલ્લાના વંથલી તાલુકાની શ્રી બંટીયા પે સે. શાળામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ભાષા શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જે આ શાળાના માત્ર શિક્ષક જ ન બની રહેતા પરિવારના સભ્યની જેમ રહે છે. જેઓ બાળકોને હમેશાં વિવિધ પ્રવૃતિ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે.

બાળકોના વિકાસની સાથે સાથે વ્યક્તિત્વ વિકાસનો પણ ખ્યાલ રાખે છે. સ્વાસ્થ્ય, મૂલ્ય શિક્ષણ ઉપરાંત તેમના ભવિષ્યની પણ તેમને ચિંતા થતી રહે છે. આજના આ સ્પર્ધાત્મક યુગમાં કેમ ટકી રહેવું અને વધુને વધુ આગળ કેમ વધવું તે માટે વિવિધ પ્રયત્નો કરતા રહે છે. તેઓ અઘરા લાગતા વિષય કે મુદ્દાને સરળતાથી શીખવવાનો પ્રયત્ન કરે છે. આ ઈનોવેશનમાં તેઓએ અંગ્રેજી વિષય બાળકો સુધી સરળતાથી પહોંચે એ માટે વિવિધ ચાર્ટ્સ, મોડેલ બનાવેલા છે. અને અંગ્રેજી શિક્ષણને રસપ્રદ બનાવવા પ્રયત્ન કર્યો છે.

- નબળા બાળકો પણ અંગ્રેજી વિષયમાં રસ લેતા થાય તેવા પ્રયત્ન કર્યા છે.
- અંગ્રેજી વિષયનો ડર દૂર કરવા તેમને વિવિધ ચાર્ટ્સ, મોડેલ, TLM પણ બનાવ્યા જે ખુબ જ કલરફૂલ હોવાથી બાળકોને પણ મજા આવે છે.
- બાળકો પણ તેનો ઉપયોગ કરવા પ્રેરાય છે.
- અંગ્રેજી લેખનમાં પડતી મુશ્કેલીઓ દૂર થઈ છે. અક્ષર સુધારણા માટે ફોર લાઈન નોટબૂકનો ઉપયોગ કરાવે છે, જે ઘણા બાળકોને તેમણે ફ્રિ માં અપાવી છે.
- વિવિધ પ્રવૃતિઓમાં બાળકો ઉત્સાહથી ભાગ લે છે.
- આજે લગભગ ૭૫ ટકા બાળકો અંગ્રેજી વાંચતા થયા છે.
- નવા નાવા સ્પેલિંગનાં ઉપયોગથી તેમના શબ્દભંડોળમાં પણ વધારો થયો છે.
- ગ્રામરના ઘણા ટોપિકમાં સરળતા રહી છે. જેથી એકમ કસોટીમાં પણ સારૂં પરિણામ મળ્યું છે.
- આ ઉપરાંત વિવિધ મૂર્ત વસ્તુઓનો ઉપયોગ કરી સ્ટીકર દ્વારા પણ સ્પેલિંગ યાદ રાખવાની ગેમ બનાવી છે. જેની મદદથી બાળકો પશુ, પક્ષી, આકારો, રંગો, વાહનો, અન્ય આસપાસની વસ્તુઓ વગેરેના સ્પેલિંગ, WH ના પ્રશ્નો, વિરોધી શબ્દો, એકવચન, બહુવચન વગેરે જેવા શબ્દોનું અંગ્રેજીમાં સારી રીતે ઉચ્ચારણ કરતાં થયા છે. તેને સમજતા થયા છે.





6

❖ ઈનોવેટરનું નામ : મયુરીબા રાણાભાઈ દયાતર

❖ શાળાનું નામ : રતાંગ પ્રાથમિક શાળા

તાલુકો : વિસાવદર, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9913943100



## ધોરણ ૬, ૭, ૮ સામાજિક વિજ્ઞાનના ટીપ્પણ

ઐતિહાસિક ધરોહર ધરાવતા જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના રતાંગ ગામમાં મયુરીબા રાણાભાઈ દયાતર સામાજિક વિજ્ઞાનના વિષય શિક્ષક તરીકે છેલ્લા 10 વર્ષથી શૈક્ષણિક કાર્ય કરે છે. જ્યારે તેઓ સામાજિક વિજ્ઞાનનો એકમ સમજાવતા હોય ત્યારે તેમાં આવેલ ઘટનાઓ ઐતિહાસિક પાત્ર કે સ્થળો વિશે જાણવા કે પછી તેને યાદ રાખવામાં વિદ્યાર્થીઓ રસ કેળવતા ન હતા. યાદ રાખવા માટે વિદ્યાર્થીઓ સતત ગોખણપટ્ટીનો ઉપયોગ કરતા હતા અને જ્યારે પણ વિદ્યાર્થીઓને કોઈ પણ ઘટના કે પાત્ર વિશે પૂછવામાં આવતું તો પણ વિદ્યાર્થીઓ અભિરૂચી દાખવતા ન હતા. જેના પરિણામે તેમાં રહેલું મૂલ્ય શિક્ષણ વિદ્યાર્થીઓમાં આત્મસાત થતું ન હતું. આ સમસ્યાના સમાધાન રૂપે તેમના દ્વારા પ્રથમ તો સામાજિક વિજ્ઞાનના એકમમાં આવતા ઐતિહાસિક પાત્રો, ઘટના, કે સ્થળો વિશેની યાદી અલગ બનાવી, ત્યારબાદ તેની વિસ્તૃત માહિતી google માંથી સર્ચ કરીને વિદ્યાર્થીઓ માટે “સામાજિક વિજ્ઞાનના ટીપ્પણ” એવી પુસ્તકની રચના કરી. ત્યારબાદ તેનું એકમ વાઈઝ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન તૈયાર કર્યું.

“સામાજિક વિજ્ઞાનના ટીપ્પણ” આ પુસ્તિકાનો ઉપયોગ પ્રથમ તો તેઓ સામાજિક વિજ્ઞાનનો એકમ સમજાવતા પહેલા તેમાંથી એકમને સંલગ્ન બધી જ ચર્ચાઓ કરી લેપટોપમાં તૈયાર કરેલ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા વિદ્યાર્થીઓને સમજાવતા જેનાથી વિદ્યાર્થીઓમાં જે તે ઐતિહાસિક સ્થળો, પાત્રો, કે ઘટનાઓ વિશે કોન્સેપ્ટ ક્લિયર થતા વિદ્યાર્થીઓ તેમાં રસ દાખવતા થયા. ઐતિહાસિક ઘટનાઓને પાત્રની રજૂઆત કરતા થયા. તેમજ એકમમાં સમાવિષ્ટ મૂલ્ય શિક્ષણને આત્મસાત કરતા થયા. આ નવતર પ્રયોગથી વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાન વિષયમાં રસ કેળવતા થયા. હાલ આ નવતર પ્રયોગ ધોરણ 6 થી 8 માં કાર્યરત છે.

7



- ❖ ઈનોવેટરનું નામ : રાઠોડ ભાવના એમ.
- ❖ શાળાનું નામ : શ્રી હનુમાનપરા પ્રાથમિક શાળા, વિસાવદર
  તાલુકો : વિસાવદર, જિલ્લો :- જૂનાગઢ
- ❖ મોબાઈલ નંબર : 96017 75270

## "REUSE OF PLASTIC BOTTLE'S AND PLASTIC WASTE'S"

જૂનાગઢ જિલ્લાનાં વિસાવદર તાલુકાની શ્રી હનુમાનપરા પ્રાથમિક શાળામાં ઉચ્ચ પ્રાથમિક વિભાગમાં ભાષા શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જેઓ બાળકોને હમેશાં વિવિધ પ્રવૃતિ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે. તેઓ અઘરા લાગતા વિષય કે મુદ્દાને સરળતાથી શીખવવાનો પ્રયત્ન કરે છે. ઉપરાંત બાળકોને સ્વચ્છતા અને પર્યાવરણની જાળવણી અંગે પણ માર્ગદર્શિત કરે છે. આ ઈનોવેશનમાં તેઓએ પોતે પહેલા ગીર સોમનાથ જિલાના ઉના તાલુકાની શ્રી નવાબંદર કન્યા પ્રાથમિક શાળામાં જે નવતર પ્રયોગ અંતર્ગત કરાવેલ **"REUSE OF PLASTIC BOTTLE'S AND PLASTIC WASTE'S"** પ્રવૃત્તિને આ શાળામાં બે મહિના પહેલા બદલી થઈ હાજર થયા બાદ તુરંતજ અમલમાં મુકેલ છે. જે સબબ તેઓશ્રી બાળકોને શાળાના પટાંગણ તેમજ શાળા પરિસર અને બાળકો પોતાના ઘર તથા આસપાસની જગ્યામાં થતાં પ્લાસ્ટીકના કચરાને એકઠો કરી તેનો સદઉપયોગ કરતા થયા.

તેઓશ્રીએ બાળકોને શાળાના પટાંગણ તથા શાળા પરિસર અને અન્યત્ર એકઠા થયેલ પ્લાસ્ટીકના કચરા અંગે માહિતગાર કર્યા અને આ પ્લાસ્ટીકના કચરાથી પર્યાવરણ તેમજ આપણી આસપાસના સજીવોને પ્લાસ્ટીકથી થતાં નુકશાનથી અવગત કર્યા. તેમજ આ સમસ્યાને કઈ રીતે ધીમે ધીમે ઓછી કરી દૂર કરી શકાય તે અંગે માર્ગદર્શિત કરવા YOU TUBEનાં માધ્યમથી પ્લાસ્ટીકનો પુન: ઉપયોગ કઈ રીતે કરી શકાય તેની જાણકારી આપી અને બાળકોને **"PLASTIC BOTTLE BRICKS"** કઈ રીતે બનાવવી તથા તેનો ઉપયોગ કઈ રીતે અને કઈ કઈ જગ્યા પર કરી શકાય તે અંગેની જાણકારી આપી.ઉપરાંત બાળકોને પ્લાસ્ટીકના નકામી થયેલ વસ્તુમાંથી વિવિધ શૈક્ષણિક રમકડા બનાવતા કર્યા. તથા પોતાની આસપાસના લોકોને પણ પ્લાસ્ટીકનો ઉપયોગ ઘટાડવા તેમજ પ્લાસ્ટીકના રીસાયકલ અંગે સમજણ આપવા માટે પ્રેરિત કર્યા.

હાલમાં એમની શાળાના બાળકો જૂથમાં કે વ્યક્તિગત રીતે પ્લાસ્ટીકના કચરાનું નિયમન કરી વિવિધ રીતે તેનો પુન: ઉપયોગ કરતાં થયાં. તેમજ અન્ય લોકોને પણ આ અંગે માર્ગદર્શિત કરતા થયાં.





❖ ઈનોવેટરનું નામ : ડૉ.કિશોરકુમાર વાલજીભાઈ શેલડીયા અને જયશ્રીબેન નગીનદાસ વોરા

❖ શાળાનું નામ : શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જીન પ્લોટ પે સે શાળા,ભેસાણ

તાલુકો : ભેસાણ, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 94290 43627 અને 99247 88678





## ધોરણ 6 થી 8માં પિઅર ટ્યુટરિંગ/સહાધ્યાયી શિક્ષણ દ્વારા પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન

ભેસાણ ગામ જૂનાગઢ મથકથી ૩૫ કિ.મી.દૂર આવેલુ છે. એ ગામની શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ જીન પ્લોટ પે સે.શાળામાં બન્ને શિક્ષક ફરજ બજાવે છે. આ શિક્ષકો દ્વારા અનેક ઈનોવેશન હાથ ધર્યા છે. કિશોરભાઈએ સંસ્કૃત સંભાષણ ક્ષેત્રે જૂનાગઢ જિલ્લા સહિત ગુજરાત રાજ્યમાં એક અલગ ઓળખ ઉભી કરી છે. તેમના **સંસ્કૃત સંભાષણ** દ્વારા સંસ્કૃત ભાષા શિક્ષણ અને પ્રચાર-પ્રસારની નોંધ લઈને ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ અંતર્ગત સંસ્કૃત સાહિત્ય અકાદમી-ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષ એક જ વ્યક્તિને અપાતો યુવા ગૌરવ એવોર્ડ-૨૦૧૯ રાજ્યપાલશ્રીના હસ્તે ડો.કિશોર શેલડિયાને એનાયત થયેલો છે.તેમનું સંસ્કૃત સંભાષણનું ઈનોવેશન રાજ્ય કક્ષાએ પહોચ્યું છે.

આ વર્ષે તેઓએ **પીઅર લર્નિંગ્સ** ઉપર ઈનોવેશન હાથ ધરેલ છે. તેઓની શાળાના ધોરણ 6 માં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ FLN માં નબળા તો હતા જ પરંતુ કોરાનાકાળ પછી ધોરણ 6 ના ઘણા વિદ્યાર્થીઓ **FLN** અર્થાત વાંચન, લેખન અને ગણનમાં પાયાની સાક્ષરતા તથા અપેક્ષિત સંખ્યાજ્ઞાન પણ ધરાવતા નહોતા. વળી, ધોરણ 6 માં વિદ્યાર્થીઓને વાંચન, લેખન અને ગણન શીખવવું તેમજ હોશિયાર વિદ્યાર્થીઓ કે જે ખાનગી શાળામાંથી તેઓની શાળામાં પ્રવેશ મેળવે છે તેઓને પણ ઉત્કૃષ્ટ વિષય શિક્ષણ આપવું આ સમસ્યા આ શાળાના શિક્ષકો માટે પડકારજનક હતી. પરંતુ તેઓએ આ પડકારજનક પરિસ્થિતિમાં પણ પરિણામકારી કાર્ય કર્યું.

બંને શિક્ષકોએ ધોરણ 6 માં આવતા વિદ્યાર્થીઓમાંથી વાંચન, લેખન અને ગણનમાં નબળા વિદ્યાર્થીઓને તેમની ક્ષમતા પ્રમાણે અલગ તારવવા વાચન, લેખન અને ગણનની એક લેખિત કસોટી તૈયાર કરી અને કસોટી લીધા પછી નબળાં વિદ્યાર્થીઓને તેની ક્ષમતા પ્રમાણે અલગ તારવી નાના-નાના જૂથમાં વહેંચીને સોમ થી શુક્ર આ જૂથોને ક્રમ પ્રમાણે શિક્ષકો દ્વારા વિશેષ શિક્ષણ તથા વિરામ સમયે હોશિયાર સહાધ્યાયી વિદ્યાર્થીઓ દ્વારા શિક્ષણ આપવામાં આવ્યું.

આ શિક્ષકોના ઉમદા કાર્યની વાતો વિદ્યાર્થીઓ દ્વારા વાલી સુધી અને તેમના દ્વારા સમાજના અન્ય લોકો સુધી જતા, જે વિદ્યાર્થીઓ RTE અંતર્ગત ખાનગી શાળામાં ભણતા હતા અને પૂરતું સંખ્યાજ્ઞાન કે પાયાનું પણ સાક્ષર જ્ઞાન ધરાવતા નહોતા તે વાલીઓએ પોતાના બાળકોને RTE શાળામાંથી નામ કઢાવીને આ શાળામાં દાખલ કરાવ્યા અને આ શિક્ષકોએ આવા પડકારજનક વિદ્યાર્થીઓને પણ પાયાનું શિક્ષણ આપ્યું.

તેઓએ FLN પ્રમાણે વાંચન, લેખન અને ગણનની એક નિશ્ચિત ફ્રેમવર્ક તૈયાર કરી અને પછી આ વિદ્યાર્થીઓની વાંચન, લેખન અને ગણનની કસોટી લેવામાં આવી અને ક્યાં વિદ્યાર્થીમાં કંઈ ઉણપ છે? તે જાણવામાં આવી અને સમાન

ઉણપવાળા વિદ્યાર્થીઓના જૂથ બનાવી તેઓને પાયાનું સાક્ષર જ્ઞાન અને સંખ્યાજ્ઞાન વ્યક્તિગત રીતે ધ્યાન આપી આપવામાં આવ્યું. જેમાં દરેક વિદ્યાર્થીઓનો કસોટી ડેટા અને પ્રોગ્રેસ ડેટા પણ રાખવામાં આવ્યો. ધોરણ 6 માં જે 80% ટકા વિદ્યાર્થીઓ વાંચન અને લેખનમાં નબળા તથા અપેક્ષિત સંખ્યાજ્ઞાન ધરાવતા નહોતા. એ જ વિદ્યાર્થીઓ બે વર્ષના અંતે એટલે કે ધોરણ 8માં શિક્ષકોના પ્રયાસો તથા સહાધ્યાયી શિક્ષણના પરિણામ સ્વરૂપ નબળા માત્ર ૧૦ થી ૧૫ ટકા જ રહે છે. જે પણ ગેરહાજરીને કારણે આમ બને છે. પાયાની સાક્ષરતા તથા અપેક્ષિત સંખ્યા જ્ઞાનનું લક્ષ્ય પ્રાપ્ત કરવા આ નવતર પ્રયોગ ગુજરાતની કોઈ પણ શાળાને ખૂબ જ ઉપયોગી સાબિત થઈ શકે તેમ છે. શિક્ષકો ઉપર વધારાના કામના ભારણ વિના સહાધ્યાયી વિદ્યાર્થીઓ દ્વારા ઉત્કૃષ્ટ પરિણામ મેળવી શકાય છે. વાલીઓની શાળા અને શિક્ષકો પ્રત્યેની અપેક્ષાઓને પૂરી કરવામાં આ નવતર પ્રયોગ ખૂબ જ મહત્વનો સાબિત થઈ રહ્યો છે. આ નવતર પ્રયોગ તેમની શાળામાં છેલ્લા ત્રણ વર્ષથી ચાલુ જ છે.









9




❖ ઈનોવેટરનું નામ : નિતેષભાઈ જમનાદાસ માથુકીયા



❖ શાળાનું નામ : શ્રી ખંભાળિયા પ્રાથમિક શાળા

તાલુકો : ભેસાણ, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલનંબર : ૯૩૭૬૮૪૪૫૨૮


## રમતા રમતા ગણિત શીખીએ

- જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાનાં શિક્ષકશ્રી નિતેષભાઈ માથુકીયા વર્ષ ૨૦૧૧થી વિજ્ઞાન અને ગણિત વિષય શિક્ષક તરીકે શાળામાં ભણાવે છે. ઘણીવાર બાળકોને ગણિત વિષયમાં અઘરા લાગતાં મુદ્દાઓ માટે સરળ રીતો બનાવે છે.
- **રમત દ્વારા ગણિત શિક્ષણ**
- આ રમત ધોરણ 6 ના વિદ્યાર્થીઓને અઠવાડિયામાં બે વાર રમાડવામાં આવતી હતી.
- આ રમત માં ફ્રેમશીટ વડે ઘડિયા બનાવવામાં આવતા હતા.તેમજ કેટલાક દાખલાઓ ગણવા આપવામાં આવતા હતા જે વિદ્યાર્થીઓ દ્વારા સરળતાથી આ પ્રયુક્તિ વડે ગણતરી કરી આપવામાં આવતી હતી.
- આ રમતના કારણે વિદ્યાર્થીઓને ગણિત વિષયમાં રસ પાડવા લાગ્યો હતો.
- આ રમત દ્વારા ધોરણ 6 ના વિદ્યાર્થીઓ **(PAT)** અઠવાડિક એકમ કસોટીના પરિણામમાં પણ સુધારો જોવા મળ્યો હતો.
- પ્રયોગ પહેલા ઘડિયા આવડતા વિદ્યાર્થીઓની સંખ્યા - ૫
- પ્રયોગ પછી ઘડિયા આવડતા વિદ્યાર્થીઓની સંખ્યા -૧૭



- ઈનોવેટરનું નામ : પોંકયા સોનલબેન બાબુભાઈ
- શાળાનું નામ : શ્રી ખંભાળિયા પ્રા. શાળા

  તાલુકો : ભેસાણ, જિલ્લો :- જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9898576981




## ભાષામાં સ્વયં પ્રશ્નનિર્માણ દ્વારા અર્થગ્રહણ

જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાના શિક્ષિકા શ્રી પોંકયા સોનલબેન બાબુભાઈ વર્ષ – 2011 થી શ્રી ખંભાળિયા પ્રા. શાળામાં ભાષાશિક્ષક તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓને અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત વિષય ભણાવતાં જોવા મળ્યું કે વિદ્યાર્થીઓ અન્ય વિષય કરતાં હિન્દી ભાષામાં ઓછો ઉત્સાહ તેમજ રસ રુચિ દાખવતાં હતા તેમજ વિષયવસ્તુનું ઓછું અર્થગ્રહણ થતું જોવા મળ્યું. તેઓએ ભાષા શિક્ષણમાં અર્થગ્રહણને સરળતાથી વિકસાવવા પ્રયત્ન કરેલ.

- આ નવતર પ્રવૃતિમાં વિદ્યાર્થીઓને હિન્દી વિષયમાં એકમ ભણાવ્યા પહેલા ગૃહકાર્યમાં જાતે **પ્રશ્નનિર્માણ** કરાવતા.
- કુમાર-કન્યા વચ્ચે પ્રશ્નનિર્માણ સ્પર્ધા કરવામાં આવતી.
- સ્પર્ધા દ્વારા ઉત્સાહિત વિદ્યાર્થી વધુને વધુ પ્રશ્ન લાવી વિષયવસ્તુથી અવગત થતાં.
- આ પ્રવૃતિથી વિદ્યાર્થીમાં અર્થગ્રહણ કૌશલ્યનો સારો વિકાસ થતો જોવા મળ્યો.
- એકમ કસોટીના પરિણામમાં પણ અર્થગ્રહણમાં સારું પરિણામ મળેલ.
- આ પ્રવૃતિ અન્ય વિષયને પણ લાગુ પાડી શકાય.









# 11



- ઈનોવેટરનું નામ : વૈશ્નવ મીરા સતિષભાઈ
- શાળાનું નામ : શ્રી સ્વામી વિવેકાનંદ વિનય મંદિર- ચણાકા
  તાલુકો : ભેસાણ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 6352389009

## BASIC MATHEMATICS CONCEPT CLEARANCE

જૂનાગઢ જિલ્લાના ભેસાણ તાલુકાની શ્રી સ્વામી વિવેકાનંદ વિનય મંદિર-ચણાકા ગામની માધ્યમિક શાળામાં શિક્ષિકા શ્રી મીરાબેન વૈષ્ણવ જેઓ છેલ્લા સાત વર્ષથી આ શાળામાં ગણિત-વિજ્ઞાન વિષય ભણાવે છે. વિદ્યાર્થીઓ પ્રત્યે રસ અને રુચિ કેળવાય તે માટે તેઓ અવનવા નવતર પ્રયોગો હાથ ધરે છે. તેઓએ બે વખત રાજ્યકક્ષાએ પોતાનું ઈનોવેશન રજૂ કરેલ છે. શાળા કક્ષાએ તેઓએ 200 થી વધુ ગણિત-વિજ્ઞાનને લગતા શૈક્ષણિક રમકડાઓ બનાવેલા છે. National Toy fair માં પણ તેઓ નેશનલ લેવલ સુધી પહોંચેલ છે. ધોરણ 9 અને 10 ના વિદ્યાર્થીઓને ગણિત વિષય ભણાવતી વખતે તેઓમાં પૂર્વજ્ઞાનનો અભાવ જોવા મળ્યો. તેઓ ઝડપથી અને ચોકસાઈપૂર્વક ગણિતના સોલ્યુશન લાવી શકતા ન હતા. આગળના ધોરણમાં ભણેલા એકમોને સારી રીતે સ્પષ્ટ કરી શકતા ન હતા. તેઓમાં સામાન્ય સંકલ્પનાનો અભાવ જોવા મળ્યો. જેથી વિદ્યાર્થીઓની સૌપ્રથમ પૂર્વજ્ઞાન આધારિત કસોટી લેવામાં આવી,જેમાં કચાશ જોવા મળી. તેના માટે તેમને એક **બેઝિક મેથેમેટિકસ્ કન્સેપ્ટ ક્લિયરન્સ (BMCC)** નામના એકમો મુજબની બુક બનાવી અને ટેમપ્લેટ્સ તૈયાર કર્યા. આ એકમો માટે અલગથી દરરોજ તાસ લેવામાં આવતા. તેઓમાં લેખિત અને મૌખિક મૂલ્યાંકન બાદ તેમની ફરી કસોટી લેવામાં આવી. એકમ મુજબ આંકડાકીય માહિતી એકત્રિત કરી. જેથી વિદ્યાર્થીઓમાં પહેલાં કરતાં બેઝિક મેથેમેટિક્સ કન્સેપ્ટ ક્લિયર થયેલો જોવા મળ્યો. વિદ્યાર્થીઓમાં તાર્કિક શક્તિ અને ચિંતનશીલતા નો વિકાસ થયેલો જોવા મળ્યો.જેના પરિણામ સ્વરૂપે બાળકો નેશનલ લેવલની ક્વિઝ સ્પર્ધા સુધી પહોંચી શક્યા. Guj Cost આયોજીત, અમદાવાદ સાયન્સ સિટી ખાતે યોજાયેલ નેશનલ લેવલની **GUJARAT STEM QUIZ** માં શાળાના 7 વિદ્યાર્થીઓ સિલેક્ટ થયા, જેમાંથી 3 વિદ્યાર્થીઓ SEMI FINAL ROUND સુધી પહોંચ્યા. વિધાર્થીઓને જિલ્લા તેમજ રાજ્ય કક્ષાએ સફળતા મેળવવા માં BMCC ખુબ જ ઉપયોગી બની રહ્યું.










❖ ઈનોવેટરનું નામ : બોઘરા કિરણબેન નાગજીભાઈ

❖ શાળાનું નામ : કન્યા શાળા નંબર-4

તાલુકો : જૂનાગઢ,જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલનંબર : 9537014493


# શાળા બાદના સમયનો સદઉપયોગ કરી સામાજિક, સર્જનાત્મક શક્તિનો વિકાસ

જૂનાગઢ શહેરની કન્યા શાળા નંબર-4 માં શ્રી કિરણબેન નાગજીભાઈ બોઘરા 2020 થી આ.શિ.તરીકે ફરજ બજાવે છે. કોરોનાની મહામારીમાં વિદ્યાર્થીઓ મોબાઈલનો વધારે પડતો ઉપયોગ કરતાં હતા. હાલમાં વિદ્યાર્થીઓ ટેકનોલોજીનો ઉપયોગ પોતાનામાં રહેલી સર્જનાત્મક શક્તિને ખીલવવા માટે કરે તે હેતુથી રંગીન કાગળમાંથી અવનવી વસ્તુ બનાવવાનું વિદ્યાર્થીઓને શીખવ્યું. Youtubeના માધ્યમથી તથા ઓનલાઈન વર્ગો લઈને રંગીન કાગળ, કંકોત્રી, કાર્ડ, જૂની રાખડીમાંથી શ્રેષ્ઠ નમૂનાઓ બનાવતા શીખવ્યું. આ નમુનાઓનું ઓનલાઈન તથા ઓફલાઈન કઈ રીતે વેચાણ કરવું તે પણ શીખવ્યું. ધીમે ધીમે વિદ્યાર્થીઓ શ્રેષ્ઠ નમૂનાઓ બનાવતા થયા.

અભ્યાસની સાથે કામ કરવાનું હોવાથી ટાઈમ મેનેજમેન્ટ કરતાં થયા. 70 રૂપિયાના ઈન્વેસ્ટમેન્ટ માંથી 500 થી 600 રુપિયા કમાવી આપતી આ કળા દ્વારા 60 થી 65 ટકા વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી શિક્ષણ મેળવવાનો જાત અનુભવ કરાવ્યો છે. આ નવતર પ્રયોગ વિદ્યાર્થીઓના જીવન ઘડતર માટે ખુબજ ઉપયોગી બનશે એવી આશા છે.

વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો થાય અને શાળામાં થતી પ્રવૃત્તિ વિશે વાલી જાગૃત બને તે માટે તેમની શાળામાં વર્કશોપનું આયોજન કર્યું. આ વર્કશોપથી વાલીઓને પણ જાણવા મળ્યું કે અમારા બાળકો આવી પ્રવૃત્તિથી ઘણું બધું શીખી આગળ વધશે. તેથી વાલીગણ પણ આ નમુનાઓનું સર્જન કરવામાં મદદરૂપ થયા.







13



- ઈનોવેટરનું નામ : સવાણી અમિતાબેન કે.
- શાળાનું નામ : બી. આર. સી. ભવન જૂનાગઢ શહેર
- તાલુકો : જૂનાગઢ શહેર
- જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9601910095

## રમતા રમતા ગણિત શીખીએ

જૂનાગઢ જિલ્લાના જૂનાગઢ તાલુકામાં બી.આર.પી. પ્રજ્ઞા તરીકે અમિતાબેન કે. સવાણી ફરજ બજાવી રહ્યા છે. જેઓને તાલુકાની અલગ અલગ શાળા મુલાકાત દરમિયાન ગણિત વિષય શીખવા/શીખવવા માટે ટી.એલ.એમ.નો ખૂબ ઓછો ઉપયોગ થતો જોવા મળેલ તે સમસ્યાને ધ્યાને લઈ તેઓ દ્વારા આ નવતર પ્રયોગનું નિર્માણ કરવામાં આવેલ છે.


પ્રવર્તમાન સમયમાં શિક્ષણ "વિદ્યાર્થી કેન્દ્રી" બન્યું છે, અસરકારક શિક્ષણ ત્યારે જ શક્ય બને જ્યારે વિદ્યાર્થીને અધ્યયન તરફ આકર્ષી શકાય. આમ,ગણિત વિષયમાં વિવિધ ગાણિતિક પ્રવૃત્તિઓ પોતાની જાતે કરી કંઈક નવીન બનાવી અને શૈક્ષણિક કાર્યમાં તેનો બહોળો ઉપયોગ કરી ગાણિતિક રમતો રમે અને સમજે છે. વળી, બાળકોમાં ગણિત વિષય પ્રત્યે રસ અને રુચિ કેળવાયા તથા આત્મવિશ્વાસમાં વધારો થયેલ જોવા મળેલ.

પ્રાથમિક શાળામાં બાળકોને ગણિત વિષયમાં સરળતાથી કઠિન તરફ જવા માટે આ ઈનોવેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે બાળકો ગમ્મત સાથે જ્ઞાન મેળવી શકે તે માટે જુદા જુદા ટી.એલ.એમ. વેસ્ટ માંથી બેસ્ટ પ્રવૃત્તિ દ્વારા નિર્માણ કરવામાં આવ્યા તેના ઉપયોગથી સરવાળા, બાદબાકી, ઘડિયા, સ્થાનકિંમત, સંખ્યાનો વિસ્તાર, ચડતો-ઉતરતો ક્રમ, વજન, માપન, આકારો, રંગ અને કદની સરખામણી કરવાની સંકલ્પના સરળતાથી શીખી શકે છે. આ નવતર પ્રયોગથી બાળકોમાં તેમજ ગણિત વિષય શિક્ષકોમાં ખૂબ જ સારું પરિણામ જોવા મળ્યું છે.












- ઈનોવેટરનું નામ : નિરવ વી.હિરપરા
- શાળાનું નામ : ભવનાથ પ્રાથમિક શાળા
- તાલુકો : જૂનાગઢ સીટી, જિલ્લો :- જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9429114245


## " સામાજિક વિજ્ઞાન સમજવામાં સરળ બન્યું "

જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ શહેર તાલુકાની ભવનાથ પ્રાથમિક શાળાના શિક્ષક નિરવભાઈ વી. હિરપરા વર્ષ 2015 થી સામાજિક વિજ્ઞાનના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ભવનાથ પ્રાથમિક શાળામાં જોડાયા ત્યારથી જ શિક્ષણ ક્ષેત્રમાં રસ રુચિ વધતી રહે તેવા પ્રયત્નો કરીને કંઈક નવીનતા લાવવાના પ્રયાસો કરે છે. સમસ્યા એ હતી કે વર્ખડમાં ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓ હતો સામાજિક વિજ્ઞાન નો અભ્યાસક્રમ નબળો રહેતો હતો.અને તેના હિસાબે બાળકોમાં સામાજિક વિજ્ઞાનમાં ખૂબ જ નિરસતા જોવા મળી અને એકમ કસોટી, સત્રાંત અને વાર્ષિક પરીક્ષા અને ટેસ્ટ મૂલ્યાંકનમાં સુધારો લાવવા માટે અને વર્ગ શિક્ષણ દરમિયાન ગેરહાજર રહેનાર બાળક પણ પ્રશ્ન જવાબ તૈયાર કરી શકે તે માટે સામાજિક વિજ્ઞાનના ધોરણ 6 થી 8 ના સ્વાધ્યાય ના પ્રશ્નો જવાબની એક બુકલેટ તૈયાર કરવામાં આવી. આ પ્રયોગથી એ પરિણામ આવ્યું કે જે વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનના અભ્યાસક્રમથી દૂર ભાગતા હતા તેને સામાજિક વિજ્ઞાનમાં રસ જાગતો થયો. વિવિધ પરીક્ષા અને મૂલ્યાંકન ટેસ્ટમાં સામાજિક વિજ્ઞાનના વિષયમાં માર્કસનો સ્કોર વધ્યો છે અને માઈગ્રેશન થતા અને ગેરહાજર રહેતા વિદ્યાર્થીઓ માટે આ બુકલેટ ખૂબ જ અસરકારક બની છે.







નિરવ હિરપરા સામાજિક વિજ્ઞાન બુકલેટ

**15**



- ઈનોવેટરનું નામ : ડૉ. ખુશ્બુ સી. ગરાળા
- શાળાનું નામ : ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કુલ, જૂનાગઢ
  તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલનંબર : 9409181638

## સમાજશાસ્ત્ર વર્ગખંડ અને ઓનલાઈન ક્વિઝ

- જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ શહેરની ગવર્નમેન્ટ ગર્લ્સ હાઈસ્કુલના શિક્ષક ડૉ. ખુશ્બુ સી. ગરાળા છેલ્લા ૧૦ વર્ષથી સમાજશાસ્ત્ર વિષયને રસપ્રદ રીતે વિદ્યાર્થીઓને શિખવી રહયા છે.
- ધોરણ-૧૦ માંથી ધોરણ-૧૧માં વિદ્યાર્થીઓ જયારે પ્રવેશ કરે છે ત્યારે તેની સામે વિષયોની ઘણી વિવિધતા જોવા મળે છે. તેથી શરૂઆતના સમયમાં તેઓ વિષય પ્રત્યે અણગમો ધરાવતા હોય છે. આ સમસ્યાના ઉકેલ સ્વરૂપે જૂનાગઢ તાલુકાનાં શિક્ષકશ્રી ડૉ. ખુશ્બુ ગરાળાએ વિષયમાં વિદ્યાર્થીઓ અભ્યાસ સંબંધિત મુદ્દાઓ ઊંડાણપૂર્વક સમજી શકે તે માટે તેને પ્રોજેક્ટ કાર્ય અને ઓનલાઈન ક્વિઝ સાથે જોડી તેનો ટીમવર્ક રૂપી રામબાણ ઈલાજ કરવાનું નક્કી કર્યું.
- સમગ્ર અભ્યાસક્રમ પ્રોજેકટવર્ક સ્વરૂપે વિદ્યાર્થીઓ કરતા થાય તે માટે ૧૦-૧૦ વિદ્યાર્થીઓની ટીમ બનાવી તેઓને અભ્યાસક્રમમાં રહેલા મુદ્દાઓ ઉપરાંત વધારાની વિષય સંબંધિત માહિતી એકત્ર કરવાનું કહેવામાં આવ્યું.
- એક જ વિષયને લગતી સંપૂર્ણ માહિતી એકત્ર થતા સમાજશાસ્ત્ર વર્ગખંડની સંકલ્પના સાકાર થઈ અને દરેક પ્રકરણનું પ્રોજેક્ટ મટીરીયલ્સ તૈયાર થયું.







- ડૉ. ખુશ્બુએ તેની સાથે સાથે ધોરણ 12 બોર્ડની પરીક્ષાને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓ વૈકલ્પિક પ્રશ્નોના સાચા ઉત્તરો આપી શકે તેમજ મુદ્દાસર પ્રશ્નોના મુદ્દાઓ યાદ રાખી શકે. તેવા હેતુથી ‘Edutorapp Application ‘ ના માધ્યમ દ્વારા ઓનલાઈન ક્વીઝની શરૂઆત કરવામાં આવી.
- આ ક્વિઝની જાહેરાતથી લઈ તેના રીઝલ્ટમાં પણ આકર્ષકતા હોવાથી વિદ્યાર્થીઓ આ ક્વિઝ ભરતા થયા.
- આ ક્વિઝનો લાભ શાળાના જ વિદ્યાર્થીઓને જ નહિ પરંતુ, ગુજરાતના સમાજશાસ્ત્રના વિદ્યાર્થીઓને પ્રાપ્ત થયો. દર શુક્રવારે પ્રસારિત થતી ક્વીઝમાં ગુજરાતના અલગ-અલગ જિલ્લાના વિદ્યાર્થીઓ પણ જોડાયા.
- આ પ્રયોગથી વિષય પ્રત્યેની ઊંડાણપૂર્વક સમજણ પ્રાપ્ત થઈ, તેમજ વિદ્યાર્થીઓ ટેકનોલોજીના ઉપયોગથી પણ માહિતગાર થયા.

- મેઝિક ટેસ્ટના માધ્યમ દ્વારા પ્રકરણ પ્રમાણે વિષયવસ્તુનું મૂલ્યાંકન સરળ બન્યુ અને વિદ્યાર્થીઓ ઓછા સમયમાં ઝડપી સાચા ઉત્તરો આપતા થયા. ટેસ્ટના રીઝલ્ટમાં ટોપટેનમાં આવવા માટે વિદ્યાર્થીઓ વચ્ચે તંદુરસ્ત સ્પર્ધા વધી અને વિદ્યાર્થીઓનો વિષય પ્રત્યેનો રસ વધુ વિકાસ પામ્યો.
- આજે 2 વર્ષના અંતે આ પ્રયોગ દ્વારા સિદ્ધ થઈ શક્યું છે કે વિષય સાથે પ્રોજેક્ટ પ્રવૃત્તિ કરવાથી વિદ્યાર્થીઓને વિષયમાં રસ લેતા તેમજ તેમની અંદર રહેલ સર્જનાત્મકતાને પણ બહાર લાવી શકાય છે. શિક્ષણ સાથેની તેઓની આ પ્રવૃત્તિ શૈક્ષણિક જીવનનો ભાગ બની છે.






16



❖ ઇનોવેટરનુ નામ :- ડો. જીતુભાઈ યુ. ખુમાણ

❖ શાળાનુ નામ :- સ્વ. ટી. એલ. વાળા કન્યા વિદ્યાલય, જૂનાગઢ

તાલુકો :- જૂનાગઢ જિલ્લો :- જૂનાગઢ


❖ મોબાઇલ નંબર :- 9979439129 / 9409181638

## સહ અભ્યાસિક પ્રવૃતિઓ દ્વારા શિક્ષણ અને વિદ્યાર્થીઓ નો સર્વાંગી વિકાસ

છેલ્લા 17 વર્ષથી સ્વ. ટી. એલ.વાળા કન્યા વિદ્યાલય જુનાગઢમાં માધ્યમિક વિભાગમાં સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષક તરીકે સેવા બજાવતા શિક્ષક શ્રી ડો. જીતુભાઈ ખુમાણને ધોરણ 9. 10 મા સામાજિક વિજ્ઞાન અને ધોરણ 11 12 માં સમાજશાસ્ત્ર વિષયનું શિક્ષણ કાર્ય કરાવતી વખતે ધ્યાનમાં આવ્યું કે વિદ્યાર્થીઓમાં નિરાશા અને હતાશા છે તેઓની પાસે પુસ્તકિયા જ્ઞાન સિવાય બીજું કોઈ પણ પ્રકારનું જ્ઞાન નથી શિક્ષકના મતે તેમના માંથી હતાશા અને નિરાશા દૂર કરી અને તેમના સર્વાંગી વિકાસ માટે અને શિક્ષણમાં રસ લેતા કરવા માટે સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ શાળામાં શરૂ કરવી જોઈએ

ડો. જીતુભાઈ ખુમાણે શાળામાં વિવિધ અભ્યાસિક પ્રવૃત્તિઓ શરૂ કરી તો શરૂઆતમાં ખૂબ જ ઓછી સંખ્યામાં વિદ્યાર્થીઓ આ પ્રવૃત્તિમાં ભાગ લેતા હતા પરંતુ શિક્ષક દ્વારા સહ અભ્યાસિક પ્રવૃત્તિઓનું મહત્વ વારંવાર સમજાવવામાં આવ્યું અને વિદ્યાર્થીઓમાંથી હતાશા અને નિરાશા દૂર કરવાનું કાર્ય કરવામાં આવ્યું તેમજ વિવિધ પ્રોજેક્ટ શાળામાં બનાવવામાં આવ્યા જેનાથી વિદ્યાર્થીઓ અભ્યાસમાં રસ લેતા થયા છે અને આજે તો દરેક સભ્યસિક પ્રવૃત્તિઓમાં બહોળી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લેતા થયા છે શિક્ષકને વિવિધ સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ દ્વારા શિક્ષણ અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ કરવામાં સફળતા મળી છે.



**17**





- ઈનોવેટરનું નામ : (1) સંચાણિયા ઉષાબેન ચિમનભાઈ
  (2) વણપરિયા કિરણબેન બાબુભાઈ
- શાળાનું નામ : વધાવી પ્રાથમિક શાળા
  તાલુકો : જૂનાગઢ , જિલ્લો:- જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9824510702, 9067154663

## કલ્પનાની અદ્‌ભુત દુનિયા

- જૂનાગઢ જિલ્લાની ગ્રામ્ય વિસ્તારની વધાવી પ્રાથમિક શાળાના શિક્ષકશ્રી વણપરિયા કિરણબેન અને સંચાણિયા ઉષાબેન વર્ષ 2020 થી આ શાળામાં ફરજ બજાવે છે. બંને બહેનોએ બાલવાટિકા અને નાના બાળકો માટે આકર્ષક રમકડાં બનાવવાનું શરૂ કર્યું.
- શાળાનું નવું સત્ર શરૂ થયાના શરૂઆતના સમયમાં, શાળાએ આવતા બાલવાટિકાના ભૂલકાઓ તેમજ શાળાના નાના બાળકો પાઠ્યપુસ્તક વિના રમતાં-રમતાં નવું જ્ઞાન મેળવતા થયા.
- બાળકો સાથે મળીને રમકડાં રમતાં થયા જેથી તેનામાં સમૂહ ભાવના કેળવાઈ ગઈ.
- બાળકો નાનપણથી જ અજાણતા લાઈફ સ્કીલની પ્રવૃત્તિ કરતાં થયા.
- રમકડાં દ્વારા રમાતી રમતોથી અને પઝલથી ઘરે તેને લગતી પ્રવૃત્તિ કરતાં થયા જેથી મોબાઈલથી પણ અળગા થયા.
- આ પ્રવૃત્તિથી બાળકોની સાથે વાલીઓ પણ ઉત્સાહિત થયા.
- આ બંને શિક્ષકોનો આ નવતર પ્રયોગ બાળકો માટે આનંદદાયી સાબિત થયો.





❖ ઈનોવેટરનું નામ : મનિષાબેન જી. કણસાગરા

❖ શાળાનું નામ : શ્રી જામકા પ્રાથમિક શાળા

તાલુકો : જૂનાગઢ ગ્રામ્ય,જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9714676640

## ઉચ્ચારણ દ્વારા અંગ્રેજી વાંચનનું સરલીકરણ

જૂનાગઢ જિલ્લાના, જૂનાગઢ ગ્રામ્ય તાલુકાની શ્રી જામકા પ્રાથમિક શાળામાં છેલ્લા 11 વર્ષથી ભાષા શિક્ષક તરીકે કાર્ય કરતા મનિષાબેન જી. કણસાગરા હંમેશા ભાષાની વિવિધ પ્રવૃત્તિઓ અને પ્રયુક્તિઓથી બાળકોનું ભાષા શિક્ષણ રસપ્રદ બનાવે છે. બાળકો સરળતાથી રસપ્રદ રીતે અંગ્રેજી વાંચન કરી શકે તે માટે તેમણે ‘ **English Sounds** ’ ની સરળ મેથડનું ઈનોવેશન કરેલ છે.

શરૂઆતમાં શાળાના બાળકોની અંગ્રેજી વાંચનની પ્રિ ટેસ્ટ લેવામાં આવી. તેમાં 72 વિદ્યાર્થીઓમાંથી ફક્ત 20% બાળકો જ અંગ્રેજી વાંચી શકતા હતા. ત્યારબાદ સરળ ઉચ્ચારણની પદ્ધતિ દ્વારા બાળકોને અંગ્રેજી વાંચનની વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવી. પહેલા કઠિન લાગતા શબ્દો બાળકો હવે વધુ સારી રીતે વાંચવા લાગ્યા. ઈનોવેટિવ એક્ટિવિટીઝ કરાવ્યા બાદ પોસ્ટ ટેસ્ટ લેવામાં આવી. જેમાં 80 થી 90 ટકા બાળકો સારી રીતે અંગ્રેજી વાંચી શકતા હતા.

- આ પદ્ધતિમાં આલ્ફાબેટ્સના 21 વ્યંજનો અને 5 સ્વરોના ઉચ્ચાર શીખવવાના હોય છે. જે બાળકો સરળતાથી શીખી શકેછે.
- તેમણે તૈયાર કરેલ Vowels ના ઉપયોગ વાળા **Five steps of English reading** નો ઉપયોગ કરી શીખેલા આલ્ફાબેટ્સ ના ઉચ્ચારો દ્વારા બાળકો નાના નાના spellings વાંચતા થાય છે.
- તેઓ અંગ્રેજી વાંચન માટે સરખા ઉચ્ચાર વાળા Spellings, Long and short vowel sounds વાળા Spellings, Silent letters વાળા Spellings, Long vowel વાળા Word family ના Spellings ના વિવિધ charts બનાવે છે. તેઓ બાળકોને પાઠ્યપુસ્તકમાંથી આવા spellings ના ગ્રુપો બનાવવાનો પ્રોજેક્ટ આપે છે. તેમણે બાળકોની અંગ્રેજી વાંચનની સરળતા માટે આવા 30 જેટલા ચાર્ટ્સ બનાવેલ છે.
- WhatsApp group માં બાળકોને Home reading activity, Let us answer જેવી Worksheet ના માધ્યમથી અંગ્રેજી વાંચનનો મહાવરો આપવામાં આવે છે.
- YouTube, Google ના માધ્યમથી જુદા જુદા ઉચ્ચારણ વાળા વિડિયોઝ બતાવવામાં આવ્યા. જેનાથી તેમનું ઉચ્ચારણ સુધર્યું. Read along app નો ઉપયોગ કરી બાળકો સરળ રીતે અંગ્રેજી વાંચતા થયા.
- Spellings ની ગોખણપટ્ટીથી છૂટી બાળકો જાતે જ પાઠ્યપુસ્તકમાંથી Spellings શોધી તેના ઉચ્ચારો લખવા લાગ્યા.
- કઠિન સ્પેલિંગસ ના કે અસંગત જોડણીવાળા spellings ના વાંચન માટે કેટલાક rules તારવવામાં આવ્યા. આ નિયમોના માધ્યમથી કઠિન સ્પેલિંગનું વાંચન સરળ બન્યું.
- આ પદ્ધતિનો ઉપયોગ બાળકો અંગ્રેજી શિક્ષણમાં કરતા થયા છે. તેમના આત્મવિશ્વાસમાં વધારો થયો છે. આ પદ્ધતિ દ્વારા બાળકોના **English reading skills** નો સારો વિકાસ થાય છે.આ પદ્ધતિનો ઉપયોગ કરી 80 થી 90 % બાળકો તેમની શાળામાં અંગ્રેજી સારી રીતે વાંચન કરી શકે છે. જેની નોંધ શાળાના આચાર્યો, સ્ટાફ અને ગામના આગેવાનોએ લીધેલ છે.




19




❖ ઈનોવેટરનું નામ : જિજ્ઞાબેન ચંદુભાઈ કાચા

❖ શાળાનું નામ : બામણગામ પ્રાથમિક શાળા

તાલુકો : જૂનાગઢ ,જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 8160624507


## ઓરીગામી પ્રવૃતિ

જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ તાલુકાની શ્રી બામણગામ પ્રાથમિક શાળાના શિક્ષક જિજ્ઞાબેન સી.કાચા સામાજિક વિજ્ઞાન વિષયમાં જુલાઈ-2023 થી હાજર થયેલ.ત્યારથી વિદ્યાર્થીઓની સહભ્યાસિક પ્રવૃતિમાં રસ અને રુચિ વધે તેવા પ્રયત્નો શરૂ કર્યા. સામાજિક વિજ્ઞાનનો અભ્યાસક્રમ થોડો અઘરો હોવાથી વિદ્યાર્થીઓ કંટાળો અનુભવતા વિદ્યાર્થીઓનો કંટાળો દૂર થાય અને વિષય પ્રત્યે આકર્ષણ જાળવી રાખવા વિષય સાથે સહભ્યાસિક પ્રવૃતિ શરૂ કરી.વિદ્યાર્થીઓને કાગળ કામમાં જોડી પ્રવૃતિમય બનાવવાનું શરૂ કર્યું.

સામાજિક વિજ્ઞાનના અભ્યાસમાં એકાગ્રતા જાળવવી થોડી મુશ્કેલ છે તો અભ્યાસની સાથે જ ઓરીગામી પ્રવૃતિ કરવાથી વિદ્યાર્થીઓમાં સ્થિરતા,એકાગ્રતા,સર્જનાત્મકતા જેવા ગુણો ખિલાવવા પ્રયત્નો શરૂ કર્યા.જેના ફળશ્રુતિ સ્વરૂપે બે મહિનામાં જ તેનો પ્રભાવ જોવા મળ્યો વિદ્યાર્થીઓ એકાગ્રતાથી સામાજિક વિષય પ્રત્યે રસ કેળવતા થયા.શાળામાં રિશેષ દરમિયાન આવી પ્રવૃતિઓ કરાવી હોવાથી વિદ્યાર્થીઓમાં શિસ્તના ગુણનો વિકાસ થયો.આ ઉપરાંત ઓરીગામી પ્રવૃતિથી શૈક્ષણિક ગુણવતામાં પણ સુધારો થયો અને શિક્ષણની પ્રક્રિયા રસપ્રદ બની.વિદ્યાર્થીઓ સમૂહમાં કાર્ય કરતાં હોવાથી સામૂહિક ભાવનાનો વિકાસ થયો.

તેમના આ કાર્યની નોંધ શાળાના આચાર્ય,સ્ટાફ અને સી.આર.સી.બહેનશ્રીએ આ ઓરીગામી પ્રવૃતિને બિરદાવી.





**Origami Activity** **Origami Activity In School** **Peacock Making - Origami Activity**

20

- ❖ ઈનોવેટરનું નામ : શાંખલા કલ્પેશ પરષોત્તમભાઈ
- ❖ શાળાનું નામ : સરકારી ઉ. મા. ( વિજ્ઞાન પ્રવાહ ) શાળા – બંધાળા

  તાલુકો : જૂનાગઢ, જિલ્લો : જૂનાગઢ
- ❖ મોબાઈલનંબર : 9909805005



## સહ-અભ્યાસિક સાહસિક પ્રવૃત્તિની અસરકારકતા

જૂનાગઢ જિલ્લાની જૂનાગઢ તાલુકાની સરકારી ઉચ્ચતર માધ્યમિક ( વિજ્ઞાન પ્રવાહ ) શાળા - બંધાળામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જેઓ વિદ્યાર્થીઓને હંમેશા માત્ર પુસ્તકિયું જ્ઞાન ન આપતા વિદ્યાર્થીની રુચિ અને શક્તિને ઓળખી અભ્યાસની સાથે સાથે સર્વાંગી વિકાસ થાય તે માટે સહ-અભ્યાસિક પ્રવૃત્તિનું મહત્વ સમજી વિદ્યાર્થી સમક્ષ પીરસે છે. શિક્ષકનો ભણાવવાનો મુખ્ય વિષય જીવવિજ્ઞાન છે. આ સાથે તેઓ ગુજરાત સરકાર માન્ય પર્વતારોહણ (ટ્રેકિંગ ) ઈન્સ્ટ્રક્ટર છે. તેથી એક વર્ષમાં ૫૦૦ થી વધુ અન્ય શાળાના ૬ વર્ષથી મોટા બાળકોને ટ્રેકિંગ જેવી પ્રવૃત્તિમાં રસ લેતા થાય તેવા કેમ્પ નું આયોજન કરે છે. તથા સાયકલિંગના માન્ય કોચ પણ હોવાથી બાળકો થી વૃદ્ધો સાયકલ ચલાવે તેના માટે પ્રેરણા મળે તેવી પ્રવૃત્તિ કરે છે. સાથે સાથે તેઓ પક્ષી પર પીએચ.ડી. કરતા હોવાથી તેનું સારું જ્ઞાન ધરાવે છે.અને આવી રીતે એકથી વધુ ફિલ્ડમાં ઉત્સાહથી કામ કરવાની પ્રતિભા ધરાવે છે.

શિક્ષક દ્વારા પહેલા પર્વતારોહણની તાલીમ જંગલ અને પહાડો પર આપતા પરંતુ ૨૦૧૯ ની સુરત ની અગ્નિ કાંડ ઘટનામાં વિદ્યાર્થીને જીવ બચાવવા બિલ્ડીંગ પર થી કુદતા જોયા પણ જીવ ન બચાવી શક્યા અને ઘણા વિદ્યાર્થીએ જીવ ગુમાવ્યા. ત્યારબાદ ટ્રેકિંગ માં કરાવવામાં આવતી રેપલિંગની પ્રવૃત્તિ શાળાના બિલ્ડીંગમાં કરાવવાની શરૂવાત કરી જેનો વધારે વિદ્યાર્થીને લાભ મળ્યો અને સાથે સાથે વિદ્યાર્થીમાં એકાગ્રતા, નીડરતા, સાહસીકતા અને જીવન ઉપયોગી કૌશલ્યો પણ વિકસવા લાગ્યા.

સૌપ્રથમ શિક્ષક દ્વારા તમામ વિદ્યાર્થીઓને આ બાબતની માહિતી આપવામાં આવી અને વિદ્યાર્થીના બે જૂથ તૈયાર કરવામાં આવ્યા. ત્યાર બાદ એક જૂથને આ સાહસિક તાલીમ ન આપેલ હતી. અને બીજા જૂથને સહ-અભયાસની સાહસિક પવૃત્તિ કરાવવામાં આવી અને તે બાબતના કૌશલ્યો શીખવવામાં આવેલ. ત્યાબાદ તમામ વિદ્યાર્થીઓને સાઈકોમ સર્વિસ દ્વારા રચિત ચિંતા માપદંડની તથા ડૉ. જગદીશ અને ડૉ. એ. કે. શ્રીવાસ્તવ રચિત માનસિક સ્વાસ્થ્યની કસોટી દ્વારા બંને જૂથના પ્રાપ્તાંક મેળવ્યા. તમામ વિદ્યાર્થીના એકમ કસોટીના ગુણ પણ અભ્યાસ પર અસર ચકાસવા માટે લીધેલ હતા.

અને ત્યારબાદ તમામ કસોટીનું પૃથકકરણ કરેલ જેમાં સાહસિક સહ-અભયસિક પવૃત્તિ કરેલ વિદ્યાર્થીમાં ચિંતા ઓછી અને માનસિક સ્વાસ્થ્ય પ્રવૃત્તિ ન કરેલ જૂથ કરતા સારું જોવા મળેલ હતું. અને સાથે એકમ કસોટીના માર્ક્સમાં પણ વધારો જોવા મળેલ હતો. અને સાથે ત્યાર બાદ જાતે જ દોરડા, સાડી અને દુપટ્ટાની ગાંઠો ઉપયોગ કરતા હતા અને જાતે જ ઉતરવા જેવી ક્રિયા પણ કરતા હતા આમ શિક્ષકે નક્કી કરેલ હેતુ સિદ્ધ થતા દેખાયા હતા. અને પરિણામ પ્રયોગ પૂર્ણ થયા બાદ પ્રવૃત્તિથી બાકી રહેલ જૂથને પણ પ્રવૃત્તિ કરાવેલ હતી.

શિક્ષકના પરિણામ, હેતુ, પ્રવૃત્તિના ફોટો, વિડીયો, કસોટી QR કોડ માં આપેલ છે.




❖ ઈનોવેટરનું નામ : પરી બળદેવપરી જવેરપરી

❖ શાળાનું નામ : માધ્યમિક શાળા કાથરોટા

તાલુકો : જૂનાગઢ : જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9662025720


## QUIZIZZ અને QR થી બાળકોનું લાઈવ મૂલ્યાંકન વડે શિક્ષણમાં ઉપયોગ

જૂનાગઢ જિલ્લા અને તાલુકાની શ્રી માધ્યમિક શાળા કાથરોટામાં માધ્યમિક વિભાગમાં ગણિત વિજ્ઞાન શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જેઓ બાળકોને હમેશાં વિવિધ પ્રવૃતિ દ્વારા પોતાની વેબસાઇટ www.baldevpari.com (શિક્ષણના પ્રેરણા પુષ્પો) અને YouTube માધ્યમથી શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે. જે રાજ્યના બેસ્ટ શિક્ષક તેમજ ભારતના બે બે વખત રાષ્ટ્રપતિ એવૉડ વિજેતા છે. જેની વેબસાઇટ ના 3 કરોડ જેટલા વિઝિટર છે જેમની નોંધ કોરોનો સમય દરમિયાન કરેલ અવિરત કામની નોંધ ખુદ ગૂગલ દ્વારા પણ લેવામાં આવી અને ગૂગલ દ્વારા એક 'કોફી ટેબલ બૂક' પ્રકાશિત કરવામાં આવી જેમાં એક શિક્ષક તરીકે બળદેવપરીની ડિજિટલ સ્કૂલ એવું ઉપનામ આપી એમાં સ્થાન આપવામાં આવ્યું.

તેઓ અઘરા લાગતા ગણિત જેવા વિષયને યૂટ્યૂબના માધ્યમથી સરળતાથી વિડીયોથી શીખવવાનો પ્રયત્ન કરે છે. જેણે પોતે એક ખાસ MATHS PARI નામની ઍપ્લિકેશન બનાવીને પ્લેસ્ટોર પર મુકેલ છે.


આ ઈનોવેશનમાં તેઓએ વિશેષ ક્વિઝને અનોખી રીતે રસ પૂર્વક સમગ્ર વિશ્વના કોઈ પણ વિદ્યાર્થી ભાગ લઈ શકે તેમજ મોબાઈલ વગર પણ એક કલાસરૂમમાં QR કોડ થી ઓનલાઈન કવિઝ રમી શકે એવી ક્વિઝો કૂલ 899 જેટલી નિર્માણ કરી છે. જે વિદ્યાર્થીઓ ઓનલાઈ અને એસાઇમેન્ટ સ્વરૂપે બાળકો સુધી સરળતાથી પહોંચે એ માટે વિવિધ વિષયો સાથે નિર્માણ કરીને પોતાની વેબસાઇટ www.baldevpari.com (શિક્ષણના પ્રેરણા પુષ્પો) પર અપલોડ કરેલ છે. જે નીચેના QR થી આપ જોઈ શકો છો


આ ક્વિઝ રમતાં બાળકોને પ્રોત્સાહન મળી રહે એ માટે વેબસાઇટ પર બાળકોના ફોટોગ્રાફ બેનર રૂપે બનાવીને મુકેલ જેના દ્વારા બાળકોમાં એક અનેરો ઉત્સાહ અને ગૌરવ મળવાથી બાળકો સ્વૈચ્છીક રીતે રસ પૂર્વક ભાગ લેતા કર્યા છે. ઈન્ટરએક્ટિવ ગેમમાં દરેક પ્રશ્નોના જવાબ માટે ઓપ્શન આપવામાં આવે છે. જવાબ ખરો કે ખોટો છે તે દરેક પ્રશ્નને અંતે ક્વિઝ આપનારને ઓનલાઈન તરત પોતાના મોબાઈલ કે કમ્પ્યુટર પર ખબર પડી શકે છે. ગેમના અંતે કેટલા જવાબ સાચા અને કેટલા ખોટા હતા. તે પણ ડિસપ્લે કરવામાં આવે છે. વિદ્યાર્થીએ કેટલા સમયમાં આ ગેમ પૂર્ણ કરી તે સમય પણ બતાવવામાં આવે છે. અને 1 થી 3 વિદ્યાર્થીઓને તરત સોફ્ટવેર સાથે તાજ સાથે સન્માન નામ પણ બતાવે છે .

ક્લિક કે સ્કેન કરો




Play video



















SUNDAY TIMES

TIMES CITY

MATH'S HOW WE ROLL: EDUCATORS INNOVATING TO IMPROVE LEARNING OUTCOMES

TIMES CITY

SUNDAY TIMES OF INDIA, AHMEDABAD MARCH 26, 2023

## Lights, camera, traction!

Baldev Pari, 53, took to YouTube to ensure that students who had difficulty understanding the mathematical concepts in the classroom could learn them by watching his videos. A teacher of maths at Katharota secondary government school in Junagadh, he invested Rs 7 lakh from his pocket to set up a studio where he could record his lectures.

Pari has also won a national teachers' award for teaching and innovation. He has over 22,000 followers and has posted around 1,000 videos that have garnered millions of views. YouTube recognized his work while assessing economic, societal, and cultural benefits derived from the video-sharing website in India during the Covid lockdown. He said "Many schools have been using my videos. There are students in remote areas who learn maths with the help of my content, and it makes me happy. Recently, a student called me up, saying he did well in the Class 10 maths paper because of my videos. Such acknowledgements are my biggest reward." Pari's wife, daughter and son also help him to make the videos.

--Nimesh Khakhariya





સમકાલીન

કાથરોટાના શિક્ષકને ગૂગલનાં સર્ચ એન્જીનમાં મળ્યું અનોખું સ્થાન

આપણા કાઠિયાવાડની કહેવત છે ને કે મન હોય તો માળવે જવાય આજ ઉક્તિ જૂનાગઢનાં ખોબા જેવડા કાથરોટા ગામનાં ગણિત – વિજ્ઞાનનાં શિક્ષક સાર્થક કરી છે, સામાન્ય રીતે વ્યક્તિ પોતાના પ્રશ્નોનાં


સમકાલીન

કાથરોટાના શિક્ષક બલદેવપરીનું કોફી ટેબલ બુક મોરારિબાપુના હસ્તે ખુલ્લી મુકાઈ

- ગુજરાતમાંથી માત્રને માત્ર એક બળદેવપરી.
- શિક્ષક તરીકે સમગ્ર ભારતમાંથી એક માત્ર બલદેવપરીને સ્થાન


સમકાલીન

એક જ માસમાં રાષ્ટ્રપતિનાં હસ્તે ૨-૨ એવોર્ડ પ્રાપ્ત થયા

આ કાર્યમાં તેમના પત્નિ, એન્જીનીયર પુત્રી અને પુત્ર નો સહયોગ મળ્યો હતો,દિવસ નાં ૧૫ થી ૧૮ કલાક કામ કરી તદ્દન નિઃશુલ્ક ૪૦૦ થી વધુ લાઈવ કલાસ કર્યા હતા ગૂગલે આ કાર્ય ની વિશેષ નોંધ લીધી હતી.
ગૂગલે આટલુ જ નહીં પરંતુ એક શિક્ષક ની યોગ્ય પ્રતિભા ને પારખી ને તેમની આ સ્ટોરી ને પોતાના ડુડલ પર ૨૪ કલાક માટે મૂકી હતી.
અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે આ કર્મઠ અને કાર્યદક્ષ શિક્ષકને ફક્ત એક જ માસમાં રાષ્ટ્રપતિનાં હસ્તે ૨-૨ એવોર્ડ પ્રાપ્ત થયા છે.


















❖ ઈનોવેટરનુંનામ : કામદાર જલ્પા હસમુખરાય

❖ શાળાનુંનામ : શ્રી નાગલપુર પ્રાથમિક શાળા

તાલુકો : મેંદરડા , જિલ્લો :-જૂનાગઢ

❖ મોબાઈલનંબર : 8905362722




## ટીમ ટીચિંગ દ્વારા કઠિન અધ્યયન નિષ્પતિનું સરળીકરણ

- જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાની નાગલપુર પ્રાથમિક શાળામાં ગણિત વિજ્ઞાન શિક્ષક તરીકે શ્રી જલ્પાબેન કામદાર વર્ષ 2010 થી ફરજ બજાવે છે. તેઓએ વિજ્ઞાન તથા સામાજિક વિજ્ઞાનમાં સમાન જણાતા મુદ્દાઓને ધ્યાનમાં લઈને આ ઈનોવેટિવ પ્રયાસ હાથ ધર્યો છે.
- શાળામાં ધોરણ 6,7,8 માં વિજ્ઞાન વિષયના અમુક મુદ્દાઓ ભણાવતા જણાયું કે આ વિષયવસ્તુ સંલગ્ન અમુક બાબતોનો સમાવેશ સામાજિક વિજ્ઞાનમાં પણ કરવામાં આવેલ છે.
- આ બાબતે સામાજિક વિજ્ઞાનના મદદનીશ શિક્ષક શ્રી મનીષાબેન સાપરા સાથે ચર્ચા કરી અને બંને વિષયોના સમાન વિષયવસ્તુ અર્થે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયાનું આયોજન કરવામાં આવ્યું.
- એક જ વિષયવસ્તુ બંને શિક્ષકો દ્વારા એક સાથે એક જ વર્ગમાં ભણાવવામાં આવે છે ત્યારે બાળકોને જે તે વિષયવસ્તુ સંદર્ભે સામાજિક અસરો તથા વૈજ્ઞાનિક ખ્યાલો સ્પષ્ટ થતા જણાય છે.
- બાળકો જે તે અધ્યયનનો વ્યવહારિક ઉપયોગ કરતાં થયા છે.
- ઉપરાંત શિક્ષક માટે એક જ તાસમાં બંને વિષયની અધ્યયન નિષ્પતિઓ સારી રીતે સિદ્ધ થતી જોવા મળે છે.

➢ ટીમ ટીચિંગ પહેલા બાળકોનું પરિણામ - 61%

➢ ટીમ ટીચિંગ બાદ બાળકોનું પરિણામ - 70.25%

❖ ખાસ કે NEP-2020 (નેશનલ એજ્યુકેશન પોલીસી) ના ભાગ-1 માં પ્રકરણ-4 ના મુદ્દા નંબર 4.2 (પેજ નંબર-33) અનુસાર વિવિધ વિષયો વચ્ચેના આંતર સંબંધો અને જે તે વિષયના અનુભવ આધારિત અધ્યયન પર ભાર મૂકવામાં આવેલ છે.







23



- ઈનોવેટરનું નામ : રાખોલિયા વિલાસબેન જીણાભાઈ
- શાળાનું નામ : શ્રી આંબલા પ્રાથમિક શાળા
  તાલુકો : મેંદરડા, જિલ્લો: જૂનાગઢ
- મોબાઈલ નંબર : 9712535916

## સામાજિક વિજ્ઞાન શીખીએ રમતા-રમતા

શિક્ષણની ગુણવત્તા ઊંચી લાવવા માટે પરંપરાગત શિક્ષણ પદ્ધતિને તિલાંજલી આપી નવીન શિક્ષણ અભિગમોને વર્ગમાં સ્થાન આપવા માટે શિક્ષણમાં સહાયક સામગ્રીનો આવિષ્કાર કરવો જ રહ્યો. શિક્ષકે બાળકોને અભ્યાસ પ્રત્યેની કચાશ તેમજ ક્ષતિઓ શોધીને તેને દૂર કરવા માટે અસરકારક શિક્ષણ આપવું જોઈએ. શિક્ષક જ્યારે પ્રવચન પદ્ધતિથી કાર્ય કરે ત્યારે વિદ્યાર્થી નિષ્ક્રિય શ્રોતા બની જાય છે. તેથી વર્ગ શિક્ષણમાં જીવંત અને દ્વિધ્રુવી પ્રક્રિયા બનાવવા માટે શિક્ષણમાં સહાયક સામગ્રીનો ઉપયોગ કરવો જ રહ્યો.

પ્રસ્તુત ઈનોવેશન જૂનાગઢ જિલ્લાનાં મેંદરડા તાલુકાની શ્રી આંબલા પ્રાથમિક શાળામાં વર્ષ 2013 થી સામાજિક વિજ્ઞાન ભણાવતા વિલાસબેન રાખોલીયા દ્વારા કરવામાં આવેલ છે. પરંપરાગત પદ્ધતિથી અભ્યાસ કરતા બાળકો વર્ગખંડમાં શિક્ષણ કાર્ય વખતે મુશ્કેલી, નીરસતા, તથા અભ્યાસ પ્રત્યે અરુચિ ધરાવતા હતા. બાળકોની આવી સમસ્યા જોઈને વિલાસબેને સામાજિક વિજ્ઞાનને રમતા-રમતા શીખવવાનો પ્રયત્ન કર્યો. જેમાં ધોરણ 6 થી 8 ના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તક આધારિત કેટલીક રમતો તૈયાર કરવામાં આવી.

જેમ કે

- શોધો તો મળશે :- વિદ્યાર્થી પાઠ્યપુસ્તકના ક થી જ્ઞ સુધીના શબ્દો ને શોધીને શબ્દ ભંડોળ તૈયાર કરશે.
- બોલે તેના બોર વેચાય :- વિદ્યાર્થી વર્ગખંડમાં નિ:સંકોચ પૂર્વક ઉભા થઈને જવાબ આપી શકશે.
- ચાલ બીરબલ બુદ્ધિ ચલાવ :- જુદા જુદા કાર્ડ્સ ની ચિત્રો સાથે જોડી બનાવશે.
- સૌર પરિવારની રમત :- વિદ્યાર્થી સાપસીડીની જેમ જ પાસા દ્વારા રમત રમશે અને તેમાં રહેલા પ્રશ્નોના જવાબ આપશે.
- ચોકલેટની રમત :- વિદ્યાર્થી તેને મળેલી ચોકલેટમાં રહેલો પ્રશ્ન સામેના જૂથને પૂછશે અને તેની સામેનું જૂથ તે પ્રશ્નનો જવાબ આપશે.

આમ, વિદ્યાર્થીઓ આવી જુદી જુદી રમતો દ્વારા વિષયવસ્તુને સરળતાથી સમજી શકે છે. આ કાર્યની શાળાનાં આચાર્ય અને ગામના પ્રતિષ્ઠિત વ્યક્તિઓએ પણ નોંધ લઈને આ કાર્યને બિરદાવ્યું છે.








❖ ઈનોવેટરનું નામ : અમિત કે. પીપલાયા

❖ શાળાનું નામ : શ્રીઆલિધ્રા પે. સેન્ટર શાળા

તાલુકો : મેંદરડા જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9426766543


## કમ્પ્યુટર એડેડ ઈન્સ્ટ્રક્શન(CAI) કાર્યક્રમની રચના

જૂનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના શિક્ષક શ્રી અમિત કિરીટભાઈ પીપલીયા વર્ષ 2015 થી વિજ્ઞાન અને ગણિત વિષય શિક્ષક તરીકે શાળામાં ભણાવે છે. ઘણીવાર વિદ્યાર્થીઓને વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં અઘરા લાગતા મુદ્દાઓ માટે કોમ્પ્યુટર એડેડ ઈન્સ્ટ્રક્શન કાર્યક્રમની રચના કરી સરળ રીતે સમજાવે છે.

- વિદ્યાર્થીઓને પ્રજનનતંત્ર અને ઉત્સર્જનતંત્ર સમજવા સહેલા બન્યા છે.
- વિદ્યાર્થીઓ આકૃતિઓ સ્પષ્ટ દોરી શકે છે.
- વિદ્યાર્થીઓ આકૃતિઓમાં નામ નિર્દેશન સ્પષ્ટ રીતે કરી શકે છે.
- વિદ્યાર્થીઓને શીખવામાં એકાગ્રતા વધે છે.
- પદ્ધતિ બદલાતા શીખવાનું વધુ રસપ્રદ બન્યું છે.
- વિદ્યાર્થીઓના ગુણમાં સુધારો જોવા મળેલ છે.
- વિદ્યાર્થીઓ સહેલાઈથી અને ઝડપથી શીખી શકે છે.








❖ ઈનોવેટરનું નામ : વાળા સુભાષભાઈ મસરીભાઈ

❖ શાળાનું નામ : વાસાવાડી પે સેન્ટર શાળા, કેશોદ

તાલુકો : કેશોદ, જિલ્લો: જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 7574 9696 97


## હું તો શાળાએ જઈશ જ

જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના શિક્ષક વાળા સુભાષભાઈ મસરીભાઈ વર્ષ 2011 થી ભાષા શિક્ષક તરીકે ફરજ બજાવે છે. તેઓ એક ભાષા-શિક્ષક તરીકે વિદ્યાર્થીઓ કોઈપણ પાઠ સરળતાથી શીખી શકે તે માટે સતત નવીન પ્રયાસો કરતા રહે છે.

પ્રાથમિક સ્તરે અઘરા ગણાતા અંગ્રેજી વિષયમાં જેમનું કાર્ય હંમેશા નમૂનારૂપ રહ્યું છે. સાથે અક્ષર સુધારણા, હાજરી અભિયાન, સંગીતમય પ્રાર્થનાસભા તથા ઈકો ક્લબમાં તેમનું કાર્ય ઉત્કૃષ્ટ રહ્યું છે માટે તેમને વર્ષ 2023 માં 'પ્રતિભાશાળી શિક્ષક' અને 'તાલુકા શ્રેષ્ઠ શિક્ષકનું' સન્માન પણ મળેલ છે. વિશેષ ઉલ્લેખનીય બાબત એ છે કે તાલુકા શ્રેષ્ઠ સન્માનનો રોકડ પુરસ્કાર તેમણે પોતાના વિદ્યાર્થીઓ અને શાળાને અર્પણ કરી દીધો છે.

તેમની વાસાવાડી પે સેન્ટર શાળા સમગ્ર કેશોદ તાલુકાની સંખ્યામાં (538) સૌથી મોટી શાળા અને શહેરી વિસ્તારની શાળા હોવાથી વર્ગમાં - શાળામાં વિદ્યાર્થીઓની વધુ ગેરહાજરી એ ખૂબ જ ચિંતા અને ચિંતનનો વિષય હતો. કારણ કે નિયમિતતા એ બાળકનું શીખવા માટેનું પ્રથમ અનિવાર્ય પગથિયું છે. જો બાળક શાળામાં વારંવાર ગેરહાજર રહે તો રોજિંદા ચાલતા અભ્યાસક્રમ અને વર્ગ પ્રવૃત્તિઓથી તે વિખૂટો પડી જાય છે અને સરવાળે બાળકનું શૈક્ષણિક સ્તર નીચું તથા નબળું પડે છે.

ઉપરોક્ત સમસ્યા હલ કરવા માટે તેમણે હાજરીને લગતા કુલ ત્રણ વિભાગમાં તબક્કાવાર ઈનોવેશન હાથ ધર્યું.

(A) **★ATTENDANCE STAR OF THE MONTH★** :- દર મહિનાના અંતે કામના દિવસો મુજબ તમામ દિવસ હાજર રહેનાર વિદ્યાર્થીઓને સમગ્ર વર્ગની વચ્ચે ★ એટેન્ડન્સ સ્ટાર ઓફ ધ મન્થ★ જાહેર કરી તેને પેન ભેટ (2011થી) આપી સન્માનિત કર્યા. જે વિદ્યાર્થીઓ એક-બે દિવસથી સ્ટાર બનવાનું ચૂક્યા હોય તેમના હાથે આ ભેટ અપાવી. જેથી એ પણ નિયમિત સરસ રીતે હાજર રહ્યા છે જ તો એનો પણ ફોટામાં સમાવેશ થઈ જાય અને એમનો પણ ઉત્સાહ જળવાઈ રહે જે NEXT સમયે તમામ દિવસો હાજર રહી સ્ટાર બનવાની પૂરી કોશિશ કરશે. આ ફોટોગ્રાફની કલર પ્રિન્ટ કાઢી શાળાના મુખ્ય બુલેટિન બોર્ડમાં લગાવી જેથી અન્ય વિદ્યાર્થીઓ પણ પ્રેરિત થાય તેમજ વાલીઓના WHATSAPP ગ્રુપમાં પણ શેર કર્યું જેથી વાલીઓ પણ નિયમિતતા બાબત જાગૃત થાય.

(B) **HONOR WITH FLAG** :-

• આ નવાચાર અંતર્ગત એક 'ફ્લેગ સ્ટેન્ડ' બનાવવામાં આવ્યું. જેમાં એક ભાઈઓ માટે અને એક બહેનો માટે ફ્લેગ બનાવવામાં આવ્યો.

• વર્ગમાં રોજ હાજરી પૂર્ણ થયા બાદ જો બહેનોની ગેરહાજર સંખ્યા ઓછી તો બહેનોનો ફ્લેગ ઊંચો રાખવો અને જો ભાઈઓની ગેરહાજર સંખ્યા ઓછી તો ભાઈઓનો ફ્લેગ ઊંચો રાખવો.

• વિદ્યાર્થીઓમાં પોતાના ગ્રુપનો ફ્લેગ નીચો ન રહે તે માટે કોઈ વિદ્યાર્થી ગેરહાજર ન રહે તે માટે પોતે જ પરસ્પર પ્રયત્ન કરવા લાગ્યા.ગેરહાજર ન રહેવા સમજાવવા લાગ્યા. વર્ગમાં નિયમિતતા બાબત સરસ ઉત્સાહ પ્રેરક વાતાવરણ નિર્માણ પામ્યું.


(C) LEARNING WITH ATTENDANCE :-

• આ નવાચાર અંતર્ગત વર્ગમાં રોજ હાજરી પૂરતી વખતે વિદ્યાર્થીઓ દ્વારા પ્રેઝન્ટ સર,યસ સર વગેરે બોલવાને બદલે અઠવાડિયાના વાર પ્રમાણે અવર હેલ્પર્સ, બોડીપાર્ટ્સ,વર્બસ,વગેરેના સ્પેલિંગ/ઉચ્ચાર/અર્થ બોલશે.દર અઠવાડિયે અથવા પખવાડિયે આ ચાર્ટ બદલતો રહેશે.આમ,રોજના મહાવરા વડે અનેક સ્પેલિંગ/ઉચ્ચાર/અર્થ સહજતાથી અને સરળતાથી  તૈયાર થશે.

• શિક્ષક મિત્રો પોતાના વિષય મુજબ જેમ કે હિન્દી-ગુજરાતી અંતર્ગત સમાનાર્થી,વિરુદ્ધાર્થી,તળપદા શબ્દો,કૃતિ-કર્તા -ઉપનામ, સંસ્કૃતમાં અંક, શબ્દાર્થ તથા ચિત્રપદાની, સામાજિક વિજ્ઞાનમાં સાલવારી-ઘટના, વિજ્ઞાનમાં રાસાયણિક સંજ્ઞાઓ,અને  ગણિતમાં સૂત્રો, નિયમો, નિત્યસમો વગેરે પણ ઉમેરી શકે છે.

• આ  પ્રવૃત્તિ સમગ્ર વર્ષ ચાલતી રહેવાથી વિદ્યાર્થીઓના શબ્દ ભંડોળમાં જ્ઞાનવૃદ્ધિ થાય છે.

ઉપરોક્ત હાજરી બાબત નવતર પ્રયોગોથી તેમના વર્ગમાં વિદ્યાર્થીઓની ગેરહાજરીનું પ્રમાણ ખૂબ જ નહિવત થયું છે. વિદ્યાર્થીઓમાં શાળાએ નિયમિત આવવા માટે ઉત્સાહ વધ્યો અને વર્ગમાં સુંદર વાતાવરણ નિર્માણ પામ્યું છે. જેનાથી સરવાળે શૈક્ષણિક સિદ્ધિઓમાં તથા શિક્ષણના સ્તરમાં નોંધપાત્ર સુધારો આવ્યો છે.












❖ ઈનોવેટરનું નામ : અમિતકુમાર કે સંઘાણી

❖ શાળાનું નામ : શ્રી શેરગઢ સીમ શાળા

તાલુકો : કેશોદ, જિલ્લો :- જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9879085435


## Smart Worksheet

જૂનાગઢ જિલ્લાની કેશોદ તાલુકાના છેવાડાના ગામમાં કે જ્યાં મોટા ભાગના લોકો પશુપાલન તથા ખેત મજુરી કરીને ગુજરાન ચલાવે છે. એવી શેરગઢ સિમ શાળામાં ધોરણ ૧ થી ૫ માં શિક્ષક અને આચાર્ય તરીકે ફરજ બજાવે છે. જે જોડાયા ત્યારથી જ ટેકનોલોજી દ્વારા શિક્ષણને સરળ અને અસરકારક બનાવવા પ્રયત્નો કરતા હતા. .શાળાના તમામ બાળકોને ખુબજ સારી રીતે ભણાવવા છતાં તેઓને યાદ રાખવામાં ઘણી મુશ્કેલી પડતી હતી.આ મુશ્કેલી તેમના માટે એક ખુબજ મોટી સમસ્યા બની ગઈ. આ સમસ્યાના નિરાકરણ માટે તેણે ધોરણ 1 થી 5 ના તમામ વિષયોના તમામ એકમોની વર્કશીટ બનવાનું નક્કી કર્યું. પણ આ કામ ખુબજ અઘરૂં હતું કારણકે તમામ એકમોની વર્કશીટ બનાવવા માટે ખુબજ સમયની જરૂરિયાત પડે આ માટે તમામ સ્ટાફ અને પ્રાઈવેટ સંસ્થાનો ઉપયોગ કરવામાં આવ્યો અને છેવટે એક સંપૂર્ણ અભ્યાસક્રમ પ્રમાણે વર્કશીટ તૈયાર કરવામાં આવી.

**વર્કશીટ બેઈજ લર્નિંગ**થી શાળાની આજુ-બાજુના ગામના વાલીઓ આ શાળા પ્રત્યે આકર્ષિત થયા તેમણે સૌ પ્રથમ શાળાની મુલાકાત લીધી જેમાં તેમને શાળાની શિક્ષણ પ્રકિયા ખૂબ જ ગમી તેથી પોતાના બાળકોના એડમિશન પ્રાઈવેટ સ્કૂલને બદલે આ શાળામાં કરાવ્યા. જેનાથી ગયા વર્ષની શાળાની સંખ્યા 154 બાળકો હતા અત્યારે શાળામાં કુલ 224 બાળકો અભ્યાસ કરે છે જેમાં શેરગઢ, ભાખરવડ,વીરડી, તરશીગડા અને માતરવાણીયા અને આંબલગઢ થી બાળકો અભ્યાસ માટે આવે છે જેનો શ્રેય વર્કશીટ બેઈજ લર્નિંગને આપી શકાય.


આમ , આ નવતર પ્રયોગથી શાળા અને તમામ બાળકોને ખુબજ ફાયદો થયો.


















❖ ઈનોવેટરનું નામ : ડોબરીયા જલ્પેશકુમાર વલ્લભભાઈ

❖ શાળાનું નામ : શ્રી પીપળી પે સેન્ટર શાળા

તાલુકો : કેશોદ, જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 9925087079


## દેશીબીજ બેંક બનાવીએ ભાવિ પેઢીને બચાવીએ

જૂનાગઢ જિલ્લાની કેશોદ તાલુકાની શ્રી પીપળી પે સેન્ટર શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક ડોબરીયા જલ્પેશકુમાર વી. 2015થી આ શાળામાં ફરજ બજાવે છે. તેમણે 2015થી જ શાળામાં વૃક્ષારોપણ અને બગીચાનો વિચાર આવ્યો ત્યારે શાળાના ગ્રાઉન્ડમાં નહીવત વૃક્ષો જોવા મળતા ત્યારથી જ બાળકોમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ અને વૃક્ષ પ્રત્યેનો પ્રેમ અને આદર માટેના વિચારના બીજ રોપ્યા. આજે 2023 સુધીએ વિચારનું અમલ ફળ સ્વરૂપે સાચા અર્થનું પર્યાવરણથી ભરપૂર એક શાળા મંદિરનું નિર્માણ થઈ ગયું.

### :: આપણી કેટલીક સમસ્યાઓ ::

- શાળાના વિદ્યાર્થીઓ કેટલીક વનસ્પતિ અને બીજ ઓળખતા ન હતા.
- કેટલીક વનસ્પતિ અને બીજની દેશી જાતો લુપ્ત થવી.
- આપણું સ્વાસ્થ્ય અને જીવન દરમાં ઘટાડો.
- જીવનચક્ર પર સકારાત્મક અસર.
- બીજ ગુણવત્તામાં ઘટાડો.
- પ્રાકૃતિક ખેતીમાં ઘટાડો.

તેઓની આ સમસ્યાઓના સમાધાન માટે તેઓને વિચાર આવ્યો કે ન્યુઝ ચેનલ, ન્યુઝ પેપર કે આપણા વડીલો પાસેથી સાંભળ્યું કે, પહેલા માણસની ઉંમર 100 વર્ષથી વધારે પોતાનું જીવન તંદુરસ્ત જીવન જીવતા તે છાપુ વાંચી શકતા તેના દાંતની સ્થિતિ પણ સારી હતી. તેની ઉંમરમાં ઘઉંની ગુણી સરળતાથી ઉપાડી લેતા પરંતુ ત્યારે તેનું સ્વાસ્થય સારૂં, ઝેર મુકત ખોરાક અને દેશી ખાણું, દેશી શાકભાજી, પણ હવે દેશીનું સ્થાન હાઈબ્રીડે લીધું છે. એટલે કે દેશીબીજ લુપ્ત થતા ગયા એને ટકાવી રાખવા શ્રી પીપળી પે.સેન્ટર શાળામાં દેશીબીજ બેંકની રચના કરી.

દેશીબીજ ફરીથી દરેક સુધી પહોંચે. આપણી દેશી મીઠાશ, સુગંધ,અને પોષકતત્વ યુક્ત ખોરાક દરેકને ભરપૂર મળે. જેથી આપણી ભાવિ પેઢીની તંદુરસ્તી અને દિર્ઘ આયુષ્ય વધે,જેથી આપણે દેશીબીજ બેંક બનાવીએ આપણી ભાવિ પેઢીને બચાવીએ. આપણા બધાનું સ્વપ્ન છે કે આ દેશીબીજ બેંક વિદ્યાર્થીઓ શાળા પરિસર અને ગામના ખેડૂતો પાસેથી કેટલાક દેશીબીજની આપ લે કરી, તે બીજ પાછા બીજ બેંક સુધી પહોંચે એ હેતુ ખરેખર સિદ્ધ થયો.

### :: નવતર પ્રયોગનું પરિણામ ::

- અત્યારે બીજ બેંક પાસે 100 થી પણ વધારે જાતો વિકસાવેલ,

- વિદ્યાર્થીઓ અને ખેડૂત ભાઈઓ લુપ્ત થતા બીજનું મહત્વ સમજ્યા.
- દેશીબીજ વાવી અને બીજ ઉત્પાદન વધે તેવા પ્રયત્નો કરેલ.
- હાઈબ્રીડ બિયારણ અને દેશીબીજ અપનાવવામાં સફળ થયા.
- રાસાયણિક દવા અને ખાતરનો ઉપયોગ ઓછો કરવા લાગ્યા.
- આપણી ભાવિ પેઢી પ્રાકૃતિક ખેતી અને પ્રકૃતિપ્રેમી ને પ્રકૃતિને માણનારા થયા.
- દેશીબીજ અને વૃક્ષોની જાતિ બચાવવાથી કેટલાક પ્રાણીઓનો ખોરાક અને રહેઠાણ મળી રહે છે. જેને કારણે જીવસૃષ્ટિની જાતિઓ બચાવી શકીશું.

આમ દેશીબીજ બેંક દરેક શાળામાં, ગામ, શહેર, રાજ્ય, દેશ, કે વિદેશમાં લાગુ પાડી શકાય. આપણા દેશીબીજની લુપ્ત થતી જાતી અટકશે. આપણી ભાવિ પેઢીનું આયુષ્ય વધશે. કેટલાક રોગોથી બચશે તેમજ તેનો સામનો પણ કરી શકશે.













28



- ❖ ઈનોવેટરનું નામ : અંજલીબેન એસ. મહેતા
- ❖ શાળાનું નામ : સરકારી ગર્લ્સ હાઈસ્કૂલ – કેશોદ

  તાલુકો : કેશોદ , જિલ્લો : જૂનાગઢ
- ❖ મોબાઈલ નંબર : 7046712083

## Integration : textbook with technology.

છેલ્લા છ દાયકાથી કન્યા કેળવણીના સુત્રને ચરિતાર્થ કરતી કેશોદ શહેરની સરકારી ગર્લ્સ હાઈસ્કૂલના માધ્યમિક વિભાગના સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષક તરીકે ફરજ બજાવતા અંજલીબેન મહેતાને શાળામાં ધોરણ -10 માં શિક્ષણકાર્ય કરાવતી વખતે જાણવા મળ્યું કે બાળકોને પ્રાચીન ઈતિહાસને સમજવામાં મુશ્કેલીને લીધે સામાજિક વિજ્ઞાન જેવો સરળ વિષય પણ તેને ખુબજ અઘરો લાગે છે. બાળકોને પાઠમાં આવતી સંકલ્પનાઓ, ટૂંકા પ્રશ્નો સમજવામાં ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. આ સમસ્યાનું સમાધાન કરવા માટે તેમજ સામાજિક વિજ્ઞાન વિષયની અસરકારકતા વધારવા માટે પાઠ્યપુસ્તકનો ટેકનોલોજી સાથે સમન્વય કરવાનું વિચાર્યું. સામાજિક વિજ્ઞાનના પ્રકરણોને પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન (P.P.T.) થી અલગ સ્વરૂપ આપી રજૂઆત કરવાનું નક્કી કર્યું. આ માટે તેમને પ્રાચીન વારસાના સ્થળો અને સ્થાપત્યો માટે ઈન્ટરનેટની મદદથી ફોટોગ્રાફ્સ એકત્રીત કર્યા. એ તમામ ફોટોગ્રાફ્સના પાછા TLM પણ બનાવ્યા. P.P.T માં વિષયવસ્તુને વધારે રસપ્રદ બનાવવા ફોટોગ્રાફની સાથે કન્ટેન્ટની એક સરળ શૈલીમાં રજૂઆત કરી. ત્યારબાદ બોર્ડની પરિક્ષામાં વિભાગ A માં પુછાઈ શકે તેવા MCQ પ્રશ્નોની ટેસ્ટ લેવામાં આવી. ટેસ્ટ તપસ્યા બાદ તેઓને ખ્યાલ આવ્યો કે બાળકો સરળતાથી જવાબો આપી શકે છે. વર્ગખંડ ઉપરાંત રિશેષ સમયે TLM વાંચીને પણ એમને અઘરા મુદ્દાઓને સમજવામાં સફળતા મળી. આનંદ સાથે કહેવું પડે કે પાઠ્યપુસ્તકને ટેકનોલોજી સાથે જોડવાનો આ પ્રયોગ બાળકોને ખુબ જ ગમ્યો. મોટાભાગની સમસ્યાનું સમાધાન થઈ ગયું. હવે બાળકોને આવા ટોપિક કંટાળાજનક ન લાગતાં રસપ્રદ લાગવા લાગ્યા. અને બોર્ડની પરિક્ષામાં સામાજિક વિજ્ઞાન વિષયમાં સારા ગુણ પ્રાપ્ત કરવા લાગ્યા.








❖ ઈનોવેટરનું નામ : રાઠોડ કિંજલ દેવચંદભાઈ

❖ શાળાનું નામ : જુના ગળોદર પે સેન્ટર શાળા

તાલુકો : માળિયા હાટીના ,જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલનંબર : ૮૧૫૪૮૪૩૬૯૮


# પ્રવૃત્તિથી પ્રકરણ તરફની યાત્રા

જૂનાગઢ જીલ્લાના માળિયા તાલુકાના જુના ગળોદર પે સેન્ટર શાળામાં રાઠોડ કિંજલ દેવચંદભાઈ ગણિત - વિજ્ઞાન વિષયના શિક્ષક તરીકે ફરજ બજાવે છે. અને ૨૦૨૨માં તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકના અવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે.

સતત બાળકેન્દ્રીય પ્રવૃત્તિમાં જોડાયેલ રહીને બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે માટે અવનવી સર્જનાત્મક પ્રવૃતિઓમાં બાળકોને જોડી શિક્ષણના ધ્યેયો હાંસિલ કરવા પ્રયત્ન કરી રહ્યા છે.

તેમના દ્વારા થયેલ શૈક્ષણિક તેમજ સહ અભ્યાસિક પ્રવૃતિઓ નીચે મુજબ છે.

- વિજ્ઞાન વિષય માટે પર્ણ પોથી, પીંછાપોથી, આકૃતિઓની ફાઈલ, વૈજ્ઞાનિકોના પ્રોજેક્ટ, વિજ્ઞાન લેબમાં પ્રયોગો
- માટીકામ દ્વારા ગાણિતિક આકારોની સમજ, ટી.એલ.એમ. નિર્માણ, વિજ્ઞાન ગણિતના નમુના નિર્માણ
- નબળા વિદ્યાર્થીઓ માટે વધારાના સમયમાં વ્યક્તિગત ધ્યાન આપી પાયાના ખ્યાલોની સમજ
- બાળકોને શાળા ગમતી થાય તે માટે વિવિધ ઉત્સવ ઉજવણી અને પ્રોત્સાહન માટે ઈનામ
- રામહાટ, કૃત્રિમ બેંકની રચના, સ્થાનિક ક્ષેત્રોની મુલાકાત
- જે ક્ષેત્રમાં બાળકને રસ છે તે ક્ષેત્ર જાણી તે અંતર્ગત પ્રવૃતિઓમાં જોડવા
- એકમ કસોટીમાં સારું પરિણામ મેળવવા Student of the month નો બેઝ આપવો.
- તમામ એકમોને અંતે ટેસ્ટ લેવી,
- પ્રિય બાળકોને વર્કશીટ દ્વારા શિક્ષણકાર્ય

















- ઈનોવેટરનું નામ : પરમાર પ્રદિપ એમ.
- શાળાનું નામ : ચૂલડી પ્રાથમિક શાળા

તાલુકો : માળિયા (હાટીના), જિલ્લો : જૂનાગઢ

- મોબાઈલ નંબર : 99741 64143


## "સ્માર્ટ સ્ટુડન્ટ ઓફ ધ સ્કૂલ"

જૂનાગઢ જિલ્લાની માળિયા તાલુકાની શ્રી ચુલડી પ્રાથમિક શાળામાં ઉચ્ચતર પ્રાથમિક વિભાગમાં સામાજિક વિજ્ઞાન વિષયના શિક્ષક તરીકે પ્રદિપ એમ. પરમાર ફરજ બજાવે છે. જેઓ વિદ્યાથીઓને અભ્યાસ સાથે બાળકોનો સામાજિક વિકાસ થાય તેવી પ્રવૃતિ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે. તેઓ બાળકોના સર્વાંગી વિકાસ માટે વિવિધ પ્રવૃતિઓ દ્વારા વિષય કે મુદ્દાને સરળતાથી શીખવવાનો પ્રયત્ન કરે છે. આ ઈનોવેશનમાં તેઓએ વિષયવસ્તુ ઉપરાંત બાળકોનો વ્યક્તિત્વ વિકાસ થાય એ માટે વિવિધ પ્રયત્ન કરેલ છે. તેઓએ બાળકોને વિષયવસ્તુ ઉપરાંત વિદ્યાર્થીઓ હાજરીમાં નિયમિતતા, શિસ્ત, સર્જનાત્મકતા તેમજ ઉત્તમ નાગરિકના ગુણો આત્મસાત કરે તે માટે શાળાના ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓ માટે સર્વાંગી વિકાસની શરૂઆત કરવા માટે સાપ્તાહિક ધોરણે વિદ્યાર્થીના વર્તુણૂકના આધારે તૈયાર કરેલ પાંચ વિભાગમાં કુલ 22 વિધાનોના પત્રકમાં દરેક વિદ્યાર્થીને પોઈન્ટ આપી સૌથી વધુ પોઈન્ટ મેળવનાર વિદ્યાર્થીને "સ્માર્ટ સ્ટુડન્ટ ઓફ ધ વીક" થી બેજ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક ઉત્કૃષ્ઠતા તેમજ વ્યક્તિગત વ્યવહારમાં સુધારો થાય અને વિદ્યાર્થી તેના જીવનમાં સર્જનાત્મકતા સાથે આગળ વધે એવો શિક્ષકનો આશય છે.

આ ઉપરાંત આ નવતર પ્રયોગ થકી વિદ્યાર્થીમાં શિસ્તના ગુણોનો વિકાસ થયો, તેમનામાં હકારાત્મક હરીફાઈની પ્રેરણા જાગી. જેના આધારે પોતાનાં વ્યક્તિત્વનું નિર્માણ કરે તેવો ઉદેશ રહેલો છે. હાલમાં પણ આ નવતર પ્રયોગ શાળામાં કાર્યરત છે.





31



- ઈનોવેટરનું નામ : ખીમાણી કૌશલભાઈ હિતેન્દ્રભાઈ
- શાળાનું નામ : શ્રી લાછડી પ્રાથમીક શાળા

તાલુકો : માળિયા (હાટીના),જિલ્લો : જૂનાગઢ

- મોબાઈલનંબર : 9974545531


## બોલતી દિવાલ


જૂનાગઢ જિલ્લાની માળિયા તાલુકાની શ્રી લાછડી પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જેઓ બાળકોને હંમેશા વિવિધ પ્રવૃતિઓ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે અને અઘરા લાગતા વિષયો કે મુદ્દાને સરળ બનાવી સમજવાનો પ્રયાસ કરતા રહે છે આવા એક પ્રયાસના ભાગ રૂપે બોલતી દિવાલ કરી છે.

આ પ્રયાસમાં શાળાના વર્ગખંડોને બોલતા કરવા માટે જુદા-જુદા ચિત્રો, નકશા, આકૃતિઓ,સૂત્રો વગેરે દિવાલ પર દોરાવી. બાળકો રોજ તેને નિહાળી તેનો અભ્યાસ કરે છે અને તેને યાદ રાખવા નો પ્રયાસ કરે છે આ પ્રયાસ થી બાળકો સતત શીખતા થયા છે અને દિવાલો પણ ઉપયોગી બની છે દિવાલો બગડતી પણ અટકી છે .










❖ ઈનોવેટરનું નામ : જિજ્ઞાસા એમ. મોણપરા

❖ શાળાનું નામ : શ્રી જવાહર હાઈસ્કૂલ – ખોરાસા (ગીર)

તાલુકો : માળિયા (હાટીના) જિલ્લો : જૂનાગઢ

❖ મોબાઈલ નંબર : 6351220393


# રમતો અને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ

જૂનાગઢ જિલ્લાના માળિયા (હાટીના) તાલુકાની શ્રી જવાહર હાઈસ્કૂલ - ખોરાસા (ગીર) ની માધ્યમિક શાળામાં ફરજ બજાવે છે. જેઓ હંમેશા વિધાર્થીઓને પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે. તેઓ યાદ ન રહેતા વિષયવસ્તુને સરળતાથી શીખવવાનો પ્રયત્ન કરે છે. આ ઈનોવેશનમાં તેઓએ સામાજિક વિજ્ઞાન વિષયમાં અલગ- અલગ વિષયવસ્તુ પર અલગ-અલગ રમતો અને પ્રોજેક્ટ પ્રવૃત્તિઓ દ્વારા રમતો બનાવી છે.

તેઓએ સાંસ્કૃતિક વારસાના સ્થળોને ઓળખવા માટે ‘ ચક્કર ફેરવો અને સ્થળોને મેળવો ‘ એ માટે એક રમત બનાવી છે. આ ઉપરાંત હાલની ચલણી નોટો પર આવેલા સાંસ્કૃતિક વારસાના સ્થળોને ઓળખવા માટે પણ ‘ પાસા ફેંકો રમત’ બનાવી છે. રાજ્ય અને રાજધાની યાદ રાખવા માટે ‘બઝર ગેમ’ બનાવી. જેથી વિધાર્થીઓમાં વિષય પ્રત્યે રસરુચિ કેળવાયા અને વિધાર્થીઓની જિજ્ઞાસાવૃતિને પ્રોત્સાહન મળ્યું છે. તેમનો વિષય પ્રત્યેનો અભિગમ બદલાયો અને વિષયને ઊંડાણપૂર્વક સમજતા થયા. હાલ પણ આ પધ્ધતિ શિક્ષણમાં કાર્યરત છે.









❖ ઈનોવેટરનું નામ : ડો. પરેશભાઈ ગોહેલ
❖ શાળાનું નામ : શ્રી વલ્લભાચાર્ય હાઈસ્કૂલ માતરવાણિયા
તાલુકો : માળિયા (હાટીના), જિલ્લો : જૂનાગઢ
❖ મોબાઈલ નંબર : ૯૯૦૯૦૧૬૮૩૮

# સનાતન મૂલ્યો દ્વારા વિદ્યાર્થીઓમાં વર્તન પરિવર્તન

જૂનાગઢ જિલ્લાનાં માળિયા હાટીના તાલુકાનાં શિક્ષક શ્રી ડો.પરેશભાઈ ગોહેલ શ્રી વલ્લભાચાર્ય હાઈસ્કૂલ માતરવાણિયામાં ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં કોમર્સનાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. જેઓ બાળકોને હમેશાં વિવિધ પ્રવૃતિ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે. જેઓનો ઉદેશ વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તેવો રહ્યો છે. વિદ્યાર્થીનો બૌદ્ધિક વિકાસ તો શૈક્ષણિક સિદ્ધિનાં આધારે થાય છે. પરંતુ વિદ્યાર્થીનો આધ્યાત્મિક તેમજ સામાજિક વિકાસ આપણા સનાતન મૂલ્યો દ્વારા થશે તેવું તેવો માને છે. ડો.પરેશભાઈ ગોહેલ માને છે કે આપણા સનાતન મૂલ્યો વિદ્યાર્થીઓનાં વર્તન પરિવર્તન કરવામાં ખુબ ઉપયોગી છે. આ માટે તેમને “મૂલ્ય શિક્ષણ” ઉપર PH.D કર્યું. વિદ્યાર્થીઓ સનાતન મૂલ્યો વિષે જાણે, મૂલ્યો વિશે સમજણ પ્રાપ્ત કરે, તેમજ મૂલ્યોના આધારે પોતાનાં વ્યક્તિત્વનું નિર્માણ કરે તેવો ઉદેશ ડો. પરેશભાઈ ગોહેલનો રહ્યો છે. વિધાર્થી પોતાના અભ્યાસક્રમ માં આવતા પુસ્તકોમાંથી મૂલ્યોની સારણીનાં આધારે મૂલ્યો શોધે તેમજ તે મૂલ્યોનાં આધારે કયા વિધાર્થીમાં કેવા મૂલ્યો છે. અને તેમના જીવનમાં કેવા પ્રકારના મૂલ્યોનું નિર્માણ કરી શકાય તેમની માહીતી મળી રહેશે. તેમજ વિદ્યાર્થીના વર્તનમાં પરિવર્તન આવશે. જે આ પ્રયોગનો મુખ્ય ઉદ્દેશ હતો.









❖ ઈનોવેટરનું નામ : લિગારી નાહિદખાન નુરખાનભાઈ

❖ શાળાનું નામ : ચંદવાણા પે. સેન્ટર શાળા


તાલુકો : માંગરોળ જિલ્લો : જૂનાગઢ

● મોબાઈલ નંબર : 9825870701

## Robotics & Coding Learning LAB (AI awareness)

જૂનાગઢ જિલ્લાની માંગરોળ તાલુકાની શ્રી ચંદવાણા પે. સેન્ટર શાળામાં લિગારી નાહિદખાન મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવે છે. શાળા, તાલુકા, જીલ્લા અને રજ્ય કક્ષાએ તેઓ ICT નો શિક્ષણમાં ઉપયોગ કરવા માટે જાણીતા છે. તેમને આ માટે **NATIONAL ICT AWARD** પણ પ્રાપ્ત થયો છે. તેમના દ્વારા શાળામાં વિદ્યાર્થીઓને Robotics & Coding Learning LAB (AI awareness) અંતર્ગત જાણકારી પ્રાપ્ત થાય તેવા ઉમદા હેતુથી વિવિધ પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. તેઓએ સ્વખર્ચે શાળામાં Arduino Uno, Arduino Nano, Motors, Sensors, Bluetooth Module, Ac Dc Convertor module, Multimeter વગેરે વસાવવામાં આવેલ છે. આ સાધન સામગ્રી દ્વારા ઈન્સપાયર એવોર્ડ, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન તેમજ લાઈફસ્કીલ અંતર્ગત પ્રોજેક્ટ બનાવી તેમના દ્વારા વિદ્યાર્થીઓને જણકારી આપવામાં આવે છે. વિદ્યાર્થીઓની આંતરિક શક્તિઓની ખીલવણી માટે આ અનુભવ ખુબજ અસરકારક બને છે. નાનપણથી જ રોબોટીક્સ અને કોડીંગનો અનુભવ પ્રાપ્ત થવાથી ઉચ્ચ અભ્યાસમાં યોગ્ય ક્ષેત્ર પસંદ કરવામાં સરળતા રહેશે. સરકારી પ્રાથમિક શાળામાં પણ વિદ્યાર્થીઓ સમયની માંગ પ્રમાણે અનુભવ અને શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.

નાહિદભાઈ લિગારીનાં માર્ગદર્શનથી વિદ્યાર્થીઓ દ્વારા ઈન્સપાયર એવોર્ડ 2018 તથા 2019માં આર્ડ્યુનો રોબોટીક્સ આધારીત પ્રોજેક્ટ રજુ કરવામાં આવ્યા હતા, જેમા સ્ટ્રીટ સ્વીપર કાર, સ્માર્ટ પાર્કીંગ તેમજ પેસેંજર ટ્રેકીંગ પ્રોજેક્ટ બનાવવામાં આવ્યા હતા જેમાથી 2 પ્રોજેક્ટ માટે ઈન્સપાયર એવોર્ડ રકમ પણ પ્રાપ્ત થઈ હતી. વિદ્યાર્થીઓ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પણ રોબોટીક્સ આધારીત પ્રોજેક્ટ બનાવતા થયા છે. લાઈફ સ્કીલમાં ઘણા ખરા વિદ્યાર્થીઓ ટેક્નોલોજી આધારીત રમકડા બનાવવા પ્રેરીત થયા છે. તેમના દ્વારા AI આધારીત Math Appનું નિર્માણ પણ કરવામાં આવેલ છે. શાળા કક્ષાએ આર્ડ્યુનોનાં 15થી વધુ પ્રોજેક્ટનું નિદર્શન અને ટેસ્ટીંગ પણ કરવામાં આવેલ છે. વિદ્યાર્થીઓ આ પ્રવૃતિથી ખુબ પ્રેરીત થાય છે.









- ઈનોવેટરનું નામ : પાણખાણીયા હિતેશકુમાર મેઘજીભાઈ
- શાળાનું નામ : રૂદલપુર પ્રાથમીક શાળા
  તાલુકો : માંગરોળ,જિલ્લો : જૂનાગઢ
- મોબાઈલ નંબર : ૯૯૯૮૮૭૭૬૩૨



## વાંચન, લેખન અને ગણન પ્રોગ્રેસ ટ્રેકિંગ પ્રોજેક્ટ

જૂનાગઢ જિલ્લાની માંગરોળ તાલુકની શ્રી રૂદલપુર પ્રા.શાળાના આચાર્ય હિતેષભાઈ એમ પાણખાણીયા દ્વારા બાળક શાળમાં ધો.૧ માં દાખલ થાય ત્યારથી ધો.૮ પૂર્ણ કરે ત્યા સુધીમાં વાચન,લેખન અને ગણનામાં જરૂરી પાયાનુ જ્ઞાન મેળવે અને વાંચન ,લેખન અને ગણનમાં બાળકોમાં કચાસ ન રહે તે બાબતે સુંદર કાર્ય કરે છે.

આ ઈનોવેશનમાં તેઓ દ્વારા બાળક ધોરણ ૧ માં દાખલ થાય ત્યારથી ધોરણ ૮ સુધીનો અભ્યાસ પૂર્ણ કરે ત્યા સુધી સમયાંતરે બાળકોનું વાચન,લેખન,ગણન બાબતે જરૂરી મૂલ્યાંકન કરવામાં આવે છે . તેની ડેટા એન્ટ્રી કરી બાળકોનો પ્રોગ્રેસ રીપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

તે પ્રોગ્રેસ રીપોર્ટના આધારે બાળકનો વાચન, લેખન અને ગણનમાં પ્રોગ્રેસ થયો છે, કે ભૂલ્યો છે. ભૂલ્યો છે, તો તે કયા ધોરણમાં ભૂલ્યો છે, શાળા દરમિયાન ભૂલ્યો છે, કે વેકેશનના સમયગાળા દરમિયાન ભૂલ્યો છે. તે જાણી શકાય છે તે ઉપરાંત કયા શિક્ષકની કયા વિષય શિખવવામાં નિપુણતા છે તે જાણી શકાય છે તથા આચાર્ય દ્વારા બાળકનું મૂલ્યાંકન થતું હોવાથી બાળકો પણ સતત શીખવા પ્રયત્નશીલ રહે છે.

આ પ્રોજેક્ટ શાળામાં વર્ષ ૨૦૨૧ માં પ્રાયોગીક અમલ કરેલ ત્યારબાદ વર્ષે ૨૦૨૨ થી તમામ ધોરણમાં અમલીકરણ કરવામાં આવેલ છે હાલ આ પ્રોજેક્ટ શાળામાં કાર્યરત છે










- ❖ ઈનોવેટરનું નામ : પરમાર વિજયસિંહ ધિરુભાઇ
- ❖ શાળાનું નામ : ભરખાસીમ પ્રાથમીક શાળા

તાલુકો : માંગરોળ,જિલ્લો : જૂનાગઢ

- ❖ મોબાઈલ નંબર : 9898325444


## "NFC ટેક્નોલોજીનો શિક્ષણમાં ઉપયોગ"

જૂનાગઢ જિલ્લાની માંગરોળ તાલુકાની ભરખા સીમ પ્રાથમીક શાળાના શિક્ષકશ્રી પરમાર વિજયસિંહ ધિરુભાઇ શૈક્ષણિક ટેક્નોલોજીના ઉપયોગના બાબતના આ ઇનોવેશનમાં તેઓ દ્વારા ટેક્નોલોજીના નવીનતમ ઉપયોગ માટે સતત વિશ્લેષણ કરવામાં આવતી તકનીકોમાંની એક NFC (નિયર ફિલ્ડ કમ્યુનિકેશન) તકનીકના ઉપયોગ શિક્ષણ ક્ષેત્રે કરે છે.

NCF ટેક્નોલોજી એ ટૂંકા અંતરની વાયરલેસ ટેક્નોલોજી છે. જે માહિતી પ્રત્યાયનમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. NFC વર્તમાન અને ભાવિ ઉકેલો જેમ કે ચુકવણી, ટિકિટિંગ, એક્સેસ કંટ્રોલ, માહિતી સંગ્રહ અને વિનિમય, પરિવહન, આરોગ્ય સંભાળ, સોશિયલ નેટવર્કિંગ અને શિક્ષણ જેવા વર્તમાન અને ભાવિ ઉકેલો રજૂ કરીને, આજની વિવિધ કોન્ટેક્ટલેસ ટેક્નોલોજીને સુમેળ સાધવાનો પ્રયાસ કરે છે.

NFC વિદ્યાર્થીઓની વર્તણૂક, શીખવાની શૈલીઓ અને પ્રગતિ વિશે વધુ ડેટા એકત્રિત કરી શકે છે, જે શિક્ષકોને સૂચનાઓને વધુ વ્યક્તિગત કરવાની સહાય આપે છે.


વિદ્યાર્થીનાં ડેટા એન્ટ્રી કોમ્પ્યુટરમાં કરવામાં આવે છે. તેના આધારે NFC tege વાળુ ડિજીટલ આઇકાર્ડ તૈયાર કરવામાં આવે છે જેનો મલ્ટિપલ ઉપયોગ કરી શકાય છે.



જેમ કે,

- વિદ્યાર્થીનો હાજરી-ગેરહાજરી રીપોર્ટ
- વિદ્યાર્થીઓની વર્ગખંડમા આવક જાવક ટ્રેક કરવી
- વિદ્યાર્થીઓની ડિજિટ્લ આઇડેંટિટી ક્રિએટ કરવી
- લાઇબ્રેરી રજિસ્ટરમા એંટ્રી કરવી
- શાળા બેંકની પાસબૂક તરીકે ઉપયોગ કરવો
- શૈક્ષણિક માહિતીની લિંક શેર કરવી
- બાલહાટના ખાતાબૂક તરીકે ઉપયોગ
- ઇન્ટરેક્ટિવ લર્નિંગ
- મૂલ્યાંકન અને પરીક્ષણ
- વર્ચ્યુઅલ અને ઓગમેન્ટેડ રિયાલિટી
- ગેમિફિકેન






આ પ્રોજેક્ટ શાળામાં વર્ષ 2022 માં પ્રાયોગીક અમલ કરેલ ત્યારબાદ વર્ષે 2023 થી ધોરણ 8 માં અમલીકરણ કરવામાં આવેલ છે. હાલ આ પ્રોજેક્ટ શાળામાં કાર્યરત છે.



- ઈનોવેટરનું નામ : રીઝવાન વાય. કોતલ
- શાળાનું નામ : એમ.એમ.ઈ.ડબલ્યુ. હાયર સેક્ન્ડરી સ્કૂલ
  તાલુકો : માંગરોળ, જિલ્લો : જૂનાગઢ.
- મોબાઈલ નંબર : ૯૮૨૪૯ ૬૬૩૩૧

## સ્વરચિત ઘાસ કટીંગ મશીન

જુનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાની એમ.એમ.ઇ.ડબલ્યુ. શાળામાં ગણિત-વિજ્ઞાન શિક્ષક તરીકે કાર્ય કરતા રીઝવાન વાય. કોતલ બાળકોને ગણિત - વિજ્ઞાન વિષયમાં રસપ્રદ શિક્ષણ કાર્ય કરવા માટે હમેશા નવા નવા પ્રયોગો બનાવતા રહે છે જેથી બાળકોમાં ગણિત વિજ્ઞાન પ્રત્યેનો રસ જળવાઈ રહે

તેઓ બાળકોને હંમેશા પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવાનો પ્રયાસ કરે છે. તેઓનું માનવુ છે કે ગણિત-વિજ્ઞાન વિષયને વ્યહવાર સાથે જોડવાથી બાળક લાંબા સમય સુધી યાદ રાખી શકે છે. પાઠ્યપુસ્તકમાં આવતા મુદ્દાઓને પ્રયોગ દ્વારા વ્યહવાર સાથે જોડવામાં આવેતો બાળક તેને સરળતાથી આત્મસાત કરી શકે છે. એમના માટે આ વખતેના ઇનોવેશન ફેરમાં તેઓએ રીવર્સે બલ ઉર્જા તથા ગ્રાસ કટિંગ મશીનનો સુંદર પ્રયોગ રજૂ કર્યો છે. જેના પ્રયોગ દ્વારા બાળક ઉર્જાના નિયમો લાંબો સમય સુધી આત્મસાત કરી શકે.












## રાજય કક્ષાનો ઇનોવેશન ફેસ્ટીવલ
## વર્ષ ૨૦૨૨ -૨૦૨૩ - ટીમ જૂનાગઢ









